નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper




રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તળિયેઃ હત્યા, લૂંટ, ચોરીના બનાવ સામાન્ય બની ગયા

જુઓ પેજ નં.૦૯

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :22 JUNE 2024 I SATURDAY I Page :15 I Year : 2 I Issue :73 I Price: 2/-

# હવે પેપર લીક કરનારાઓની ખેર નહીં, દેશમાં પેપર લીક વિરોધી કાયદો લાગુ

**૧૦ વર્ષ સુધીની સજા, ૧ કરોડ સુધીનો દંડ**

નવી દિલ્હી, તા.૨૧: જ્યારે ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશને દિલ્હીમાં ગઝઅ હેડક્વાર્ટરની સામે NEET પરીક્ષા ફરીથી યોજવા માટે પ્રદર્શન કર્યું હતું. આ તસવીર ૧૧ જૂનની છે, જ્યારે ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશને દિલ્હીમાં NTA હેડક્વાર્ટરની સામે NEET પરીક્ષા ફરીથી યોજવા માટે પ્રદર્શન કર્યું હતું. દેશમાં પેપર લીક વિરોધી કાયદો એટલે કે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૪ અમલમાં આવ્યો છે. કેન્દ્રએ શુક્રવારે (૨૧ જૂન) મધ્યરાત્રિએ તેનું જાહેરનામું બહાર પાડ્યું હતું. આ કાયદો ભરતી પરીક્ષાઓમાં છેતરપિંડી અને અન્ય ગેરરીતિઓને રોકવા માટે લાવવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ, પેપર લીક કરવા અથવા ઉત્તરપત્ર સાથે ચેડા કરવા પર ઓછામાં ઓછી ૩ વર્ષની જેલની સજા થશે. આને ₹૧૦ લાખ સુધીના દંડ સાથે પાંચ વર્ષ સુધી લંબાવી શકાય છે. જો પરીક્ષા યોજવા માટે નિયુક્ત સેવા પ્રદાતા દોષિત ઠરશે તો તેને ૧ કરોડ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે. જો સેવા પ્રદાતા ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ હશે, તો પરીક્ષાનો ખર્ચ તેની પાસેથી વસૂલવામાં આવશે. ગઊઊઝ અને UGC-NET જેવી પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ વચ્ચે આ કાયદો લાવવાનો નિર્ણય એક મોટું પગલું છે. આ કાયદા પહેલા, કેન્દ્ર સરકાર અને તપાસ એજન્સીઓ પાસે પરીક્ષામાં ગેરરીતિ સંબંધિત ગુનાઓનો સામનો કરવા માટે કોઈ અલગ નક્કર કાયદો નહોતો.કેન્દ્ર સરકારે શુક્રવાર-શનિવાર (૨૧-૨૨ જૂન)ની રાત્રે એન્ટી-પેપર લીક કાયદાને લઈને નોટિફિકેશન બહાર પાડ્યું હતું.કેન્દ્ર સરકારે શુક્રવાર-શનિવાર (૨૧-૨૨ જૂન)ની રાત્રે એન્ટી-પેપર લીક કાયદાને લઈને નોટિફિકેશન બહાર પાડ્યું હતું. પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) કાયદો ૬ ફેબ્રુઆરીએ લોકસભા અને ૯ ફેબ્રુઆરીએ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૧૨ ફેબ્રુઆરીએ બિલને મંજૂરી આપી અને તેને કાયદામાં ફેરવી દીધું. આ કાયદો યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC), સ્ટાફ સિલેક્શન કમિશન (SSC), રેલ્વે, બેંકિંગ ભરતી પરીક્ષાઓ અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા લેવામાં આવતી તમામ કમ્પ્યુટર-આધારિત પરીક્ષાઓને આવરી લેશે. કોઈ પરીક્ષાનું પ્રશ્નપત્ર કે આન્સર કી લીક કરવામાં આવે. પ્રશ્નપત્ર કે આન્સર કી લીક કરવામાં કોઈની સાથે સામેલ હોવું.

# યોગ ટુરીઝમનો નવો ટ્રેન્ડ બન્યો છે : વિશ્વમાં યોગ કરનારા વધી રહ્યા છેઃ મોદી

## નવી યોગ ઈકોનોમીને ઉભરતી જોઇ રહી છે દુનિયા : શ્રીનગરમાં યોગ દિવસ કાર્યક્રમને સંબોધતા પીએમ



નવી દિલ્હી, તા.૨૧: વિશ્વ આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ની શાનદાર ઉજવણી કરી રહ્યું છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીનગરમાં શેરપ્રએ પ્રકાશમીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર ખાતે યોગાભ્યાસ કર્યો હતો. ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે પીએમ મોદીએ વજ્રાસનથી લઈને બાલાસન, ભુજંગાસન, શલભાસન અને ઉત્તાનપદાસન સુધી અનેક યોગ પ્રવૃત્તિઓ કરી.

ઋષિકેશ અને કાશીથી લઈને કેરળ સુધી, આપણે યોગને દેશમાં પ્રવાસન ક્ષેત્રે એક નવા વલણ તરીકે ઉભરી રહેલા જોઈ શકીએ છીએ. દુનિયાભરમાંથી લોકો યોગ શીખવા માટે ભારતમાં આવી રહ્યા છે. એ પણ કહ્યું કે ગયા વર્ષે મને યુનાઈટેડ નેશન્સ હેડક્વાર્ટર, યુએસએ ખાતે યોગ દિવસ કાર્યક્રમની અધ્યક્ષતા કરવાની તક મળી હતી. આ કાર્યક્રમમાં ૧૩૦થી વધુ દેશોના લોકોએ ભાગ લીધો હતો. ભારતમાં, આયુષ વિભાગે યોગનો અભ્યાસ કરતા લોકો માટે યોગ પ્રમાણપત્ર બોર્ડની રચના કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કરતા કહ્યું કે વિશ્વ યોગની શક્તિને ઓળખે છે. વિશ્વ યોગને વૈશ્વિક સુખાકારી માટે એક શક્તિશાળી એજન્ટ તરીકે જુએ છે. તે લોકોને ભૂતકાળનો બોજ વહન કર્યા વિના વર્તમાનમાં જીવવામાં મદદ કરે છે. પીએમ મોદીએ શ્રીનગરના SKICC ખાતે ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના મુખ્ય સમારોહને સંબોધિત કરતી વખતે આ વાત કહી. વડા પ્રધાને કહ્યું કે યોગે લોકોને અહેસાસ કરાવ્યો છે કે તેમની સુખાકારી તેમની આસપાસની દુનિયાની સુખાકારી સાથે જોડાયેલી છે. વડા પ્રધાને કહ્યું, વિશ્વ યોગને વૈશ્વિક સુખાકારી માટે એક શક્તિશાળી એજન્ટ તરીકે જોઈ રહ્યું છે. વડા પ્રધાને કહ્યું, જ્યારે આપણે અંદરથી શાંતિપૂર્ણ હોઈએ છીએ, ત્યારે આપણે વિશ્વ પર પણ સકારાત્મક અસર કરી શકીએ છીએ. યોગ સમાજમાં સકારાત્મક પરિવર્તનના નવા માર્ગો બનાવે છે. વડાપ્રધાને કહ્યું કે વિશ્વભરમાં યોગ કરનારા લોકોની સંખ્યા દરરોજ વધી રહી છે. પીએમે કહ્યું, યોગને અનુસરનારાઓની સંખ્યા સતત વધી રહી છે. હું જ્યાં પણ જાઉં છું ત્યાં ભાગ્યે જ કોઈ નેતા હશે જે યોગના ફાયદા વિશે મારી સાથે વાત ન કરે.



## તંત્રી લેખ

–રાજેશ ચુ. બગડાઈ

# ભોજનથાળ સુધી ઝેરી રસાયણો



દુનિયામાં છેલ્લા પચાસેક વરસથી રાષ્ટ્રનેતાઓ અને તેમની પ્રજાએ પર્યાવરણ કે આહારશુદ્ધિ વિશે માત્ર વારતાઓ જ કરી છે. જેનું પરિણામ એ આવ્યું છે કે ઘરે ઘરે પ્રજાના ભોજનથાળ સુધી ઝેરી રસાયણો છુપાયેલા સ્વરૂપમાં પહોંચી ગયા છે. બે દિવસમાં મટી જાય એવી આરોગ્ય તકલીફો માનવ શરીરમાં છ-છ મહિના સુધી ધામા નાંખે છે. બાળકો માટે માત્ર ઓસડિયાં હવે કામ કરતા નથી. દોડી દોડીને બાળતબીબો પાસે જવું પડે છે. નવોદિત માતાપિતા હવે તો બાળકો મોટા થાય ત્યાં સુધી એના આરોગ્યના આંટાફેરામાં જ વ્યસ્ત રહે છે. આ ચિત્ર કંઈ એકલા ભારતનું નથી. વિશ્વમાં બધે જ આ સ્થિતિ છે.

શુદ્ધ આહાર મળવો સહુને સુગમ નથી. વળી હજુ તો અશુદ્ધ આહારની ઓળખ જ પાકી થઈ નથી. પ્રજા એક વણઓળખ્યા સંકટમાં ફસાઈ રહી છે. આપણા ફૂડ ઈન્સ્પેક્ટરો જે બ્રાન્ડેડ કંપનીઓની ખાદ્ય સામગ્રીના નમૂના લે છે તે પણ તપાસમાં પાસ થતા નથી. વિદેશી બ્રાન્ડેડ કંપનીઓ સામે પણ આવા જ આરોપ મૂકવામાં આવે છે. આજની તારીખે માણસજાત એની બધી જ પર્યાવરણને નુકસાન પહોંચાડે એવી પ્રવૃત્તિઓ બંધ કરી દે તો પણ પર્યાવરણને થયેલા નુકસાનની મરામત તરતોતરત તો શક્ય નથી. આજથી આખી દુનિયામાં વાહનો બંધ થઈ જાય, અણુમથકોને તાળા લાગી જાય, ચીમનીના ધૂમાડા બંધ થઈ જાય, કચરો પેદા થાય એવા કોઈ પણ કામ ઉપર પ્રતિબંધ આવી જાય તો પણ ઘાયલ કુદરત બેઠી થઈ શકે એમ નથી.

આખી દુનિયાના પર્યાવરણનો ખુરદો બોલી રહ્યો છે. માલદીવના ટાપુઓથી લઈને વિયેતનામ સુધી અને ગ્રીનલેન્ડથી લઈને નાગાલેન્ડ સુધી બધે જ પર્યાવરણની તબાહી જોવા મળે છે. કુદરતી સૌંદર્યના અનુપમ દર્શન થાય એવી જગ્યા ભાગ્યે જ કોઈ બચી છે. એમેઝોનના જંગલોમાં આગ લાગી રહી છે તો ઇઝરાયેલનો ખારો સમુદ્ર સુકાઈ રહ્યો છે. સાઈબિરિયાનું વન સંકોચાઈ રહ્યું છે તો આફ્રિકાના ખુલ્લા મેદાનના વગડાઓ શહેરીકરણ નામની આપત્તિનો સામનો કરી રહ્યા છે. યુરોપ પાસે તો હરિયાળી કરતા બરફની શ્વેત સુંદરતા વધુ હતી, તો એ પણ અદ્રશ્ય થઈ રહી છે.

વૈશ્વિક વાતાવરણમાં વિકૃતિ લાવવાનો શ્રેય બધાને જાય છે, પણ એમાં મોટા દેશોનો સૌથી વધુ ફાળો છે. મોટા દેશો એટલે વિકસિત દેશો જે પોતાને મહાસત્તા કહેવરાવીને પર્યાવરણ વિરોધી ગેરફાયદા લઈ લે છે અને અમુક વિકાસશીલ દેશો પણ પોતે વિકસિત નથી એવું ગાણું ગાઈને પર્યાવરણનું નખ્ખોદ વાળતાં રહે છે. અમેરિકા, બ્રિટન, ચીન, ભારત, જાપાન, બ્રાઝિલ, ફ્રાન્સ વગેરે દેશો ગ્લોબલ વોર્મિંગ માટે સહુથી વધુ જવાબદાર છે. હવે તો ગલ્ફ દેશો પણ પેટ્રોલિયમને કારણે ખૂબ સમૃદ્ધ થઈ ગયા છે. માટે જોર્ડન-સિરિયાથી લઈને અફઘાનિસ્તાન-પાકિસ્તાન સુધીનો આખો પટ્ટો કુદરતને હણવામાં કોઈ કસર બાકી નથી રાખી રહ્યો. ઉલટાનું આ નાના લાગતા દેશોમાં વસ્તી વધી રહી છે જે દરેક પ્રકારના પ્રદૂષણમાં વધારો કરવામાં ભાગ ભજવે છે. શુદ્ધ હવા અને ચોખ્ખું પાણી દિવસે ને દિવસે કિંમતી પદાર્થો બનતા જાય છે.

માલદીવના ટાપુઓ નજીકના ભવિષ્યમાં ડૂબી જવાના છે એ સૌ જાણે છે. ઈન્ડોનેશિયા અને મલેશિયાના ટાપુઓ પણ ખતરામાં છે. ટોકિયો, મુંબઈ, સિડની જેવા ઘણા મોટા શહેરો ઉપર દૂરના ભવિષ્યમાં મોટી આફત આવે એવી ભયજનક સંભાવના છે. કારણ કે સમુદ્રની સપાટી સતત વધતી જવાની છે. નવી દિલ્હીનું પ્રદૂષણ વિશ્વવિખ્યાત થઈ ચૂક્યું છે. ગંગા છેલ્લા કેટલાય દાયકાઓથી શુદ્ધ થઈ નથી અને હજુ કેટલાય દાયકાઓ સુધી શુદ્ધ થાય એવું લાગતું નથી.

### કઠોળ પાકોનું ઉત્પાદન વધારવા ખેડુતોને કૃષિમંત્રીનો અનુરોધ

# રાજયમાં કઠોળના 4800 કરોડના ઉત્પાદનની સામે રાજય સરકાર દ્વારા 907 મેટ્રીક ટનની ખરીદીઃ કૃષિમંત્રી

**કલેકટર કચેરી ખાતે કેન્દ્રીય કૃષિમંત્રી ચૌહાણના અધ્યક્ષ સ્થાને વિડીયો કોન્ફરન્સ કઠોળના મૂલ્યવર્ધન ઉત્પાદનની સમીક્ષા**

રાજકોટ, તા.૨૨

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં રાજયના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મંત્રી રાઘવજીભાઈ પટેલએ જણાવ્યું હતું કે, ભારત સરકારના કૃષિ વિભાગ સાથે સંકલનમાં રહીને ગુજરાત સરકાર કઠોળ પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરી રહી છે.



રાજ્યના ખેડૂતોને ગયા વર્ષે ખુલ્લા બજારમાં કઠોળ પાકોમાં મૂલ્યવૃધ્ધિ અને અધિક ઉત્પાદન મળ્યું છે. રાજયમાં ન્યુનત્તમ સમર્થન મૂલ્યથી રૂ. ૪૮૦૦ કરોડના ઉત્પાદન સામે ૯૦૭ મેટ્રિક ટનની ખરીદી રાજયસરકાર દ્વારા કરવામાં આવી છે.

ખેડૂતોને ખુલ્લા બજારમાં વધારે મૂલ્ય મળે તે માટે રાજ્યમાં ન્યુનત્તમ મર્યાદા ૨૫ ટકાથી વધારીને ૪૦ ટકા કરવાની રજૂઆત રાજ્ય સરકાર વતી મંત્રીશ્રીએ કરી હતી. આ તકે કઠોળના બીજ ઉત્પાદન વધારવાનો ભાર મુકાયો હતો. રાજ્યમાં કઠોળ પાક વધારવા તથા બીજની માંગ વધારવા રાજ્ય સરકારે આ વર્ષે સીડ રિપ્લેસમેન્ટ રેશિયો નામની યોજના અમલમાં મૂકી છે.

ગુજરાત રાજ્યમાં ગયા વર્ષે ૫૫ હજાર મીની કિટનું વિતરણ લાભાર્થી ખેડૂતોને કરાયું હતું. નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન યોજના હેઠળ ગુજરાતમાં ૩૦ કરોડની સિદ્ધિ ઉપલબ્ધ કરાઈ છે. કઠોળના પાકનું ઉત્પાદન વધારવા રાજ્યમાં ‘‘કૃષિ કર્મણ‘‘ એવોર્ડનું આયોજન થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સીટીઓએ કઠોળ પાકમાં રોગપ્રતિકારકની નવી ૧૨ વેરાયટીનું સંશોધન કરીને ખેડૂતોને આપ્યું છે. આ વીડિયો કોન્ફરન્સમાં રાજયભરની કૃષિ યુનિવર્સિટીઓનો વૈજ્ઞાનિકો, ખેતીવાડી અધિકારીઓ, તથા અન્ય સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# થોરાળામાં બેરોકટોક વર્લીનો અખાડો ચલાવતો હતોઃ સ્થાનિક પોલીસ શંકાના દાયરામાં

- **એસએમસીએ બીજી વખત એ જ સ્થળે દરોડો પાડ્યો હતો, 4 પકડાયા, 5 ફરાર 1.79 લાખનો મુદ્દામાલ જપ્ત**

રાજકોટ, તા.૨૨

થોરાળા વિસ્તારમાં મયુરસિંહ ઝાલા નામનો બુકી બેરોકટોક વર્લીનો અખાડો ચલાવતો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલે ગઈકાલે દરોડો પાડી એ જ જગ્યાએથી બીજી વખત આ અખાડો પકડ્યો છે. જેથી સ્થાનિક પોલીસ શંકાના દાયરામાં છે. એસએમસીએ ૪ આરોપીને પકડી લીધા હતા જ્યારે ૫ આરોપીને ફરાર દર્શાવ્યા છે. સ્થળ પરથી એક બાઈક, ૬ મોબાઈલ ફોન, રોકડ મળી ૧.૭૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને થોરાળા પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો હતો.

સ્ટેટ મોનીટરીંગ સેલની કડક કાર્યવાહીથી ગુજરાતભરમાં ગુનેગારો થરથર ધ્રૂજે છે ત્યારે ડીજીપી વિકાસ સહાયની સૂચનાથી સ્ટેટ મોનિટરિંગ સેલના એડિશનલ ડીજી આર.બી.બ્રહ્મભટ્ટ, એસપી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે.ટી.કામરિયાના માર્ગદર્શન હેઠળ એસએમસીના પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ સતત કાર્યવાહીમાં એક્ટિવ છે.

ગઈકાલે પીએસઆઈ એમ.એચ. શીનોલની ટીમે ગંજીવાડાના નાકા પાસે, પેટ્રોલ પંપની બાજુમાં ચાલતી વર્લી આંકડાની કલબ પર દરોડો પાડ્યો હતો. જેમાં આરોપી ફીરોજ અભરામભાઈ પલેજ (ગંજીવાડા શેરીનં ૩૫) જે કેશીયર તરીકે અહીં કામ કરતો હતો, અસરફ હારૂનભાઈ દલ (રાજકોટ વંજીવાડા શેરી નં.૧૭)જે રાઈટર હતો. (૩) જગદીશ ઉર્ફે જગો સોમાભાઈ વાઘ (જંગલેશ્વર મેઈનરોડ સ્મશાન પાસે) જે પણ રાઈટર હતો. જ્યારે શબ્બીરઅલી ઉર્ફે સબલો અલીમહંમદ ઠેબા પણ રાઈટર હતો. આ લોકોની પૂછપરછમાં પાંચ નામ ખુલ્યા હતા. જેમાં મયુરસિંહ ભરતસિંહ ઝાલા (રહે. રામનગર) જે અખાડો ચલાવનાર મુખ્ય આરોપી છે. અમિત કોળી (રહે. ચુનારવાડ) જે રાઈટર હતો અને સ્થળ પરથી નાસી ગયો હતો. જેપીડી નામે ઓળખાતો અને કાલાવડ રોડ પર રહેતો શખ્સ પણ નાસી ગયો હતો. નાસી ગયેલા ગ્રાહકોમાં બટુક મહારાજ (ગંજીવાડા) અને ઈકબાલ ઈસ્માઈલ પઠાણ(રહે. ગંજીવાડા)નો સમાવેશ થાય છે.

# રાજકોટ અગ્નિકાંડમાં ૧૦૦ પાનાનો રીપોર્ટ સરકારને સુપ્રત જુદા જુદા વિભાગોની બેદરકારી પર પ્રકાશ પડાયો

**સીટના વડા સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળ સભ્યોએ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીને રીપોર્ટ સોંપ્યો બનાવને એફએસએલ આર્કિટેક કરાયાનો નિર્દેશ કોર્પોરેશન-ફાયર બ્રીગેડ, ટાઉન પ્લાનીંગ, પોલીસ, માર્ગ-મકાન જેવા વિભાગોની લાપરવાહીનો સંકેત બે ડઝન અધિકારીઓની પૂછપરછ હજુ તપાસ ચાલુ જ છે-સુભાષ ત્રિવેદી**

રાજકોટ, તા.૨૧

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની તપાસ માટે રચાયેલી સ્પેશીયલ ઇન્વેસ્ટીગેશન ટીમ (સીટ) દ્વારા ૧૦૦ પાનાનો તપાસ રીપોર્ટ આજે સરકારને સોંપી દેવામાં આવ્યો છે. કોર્પોરેશન સહિત જુદા-જુદા વિભાગોની બેદરકારી વિષે આંગળી ચીંધવામાં આવ્યા હોવા ઉપરાંત ગંભીર નિર્દેશો કરવામાં આવ્યા છે. જો કે હજુ તત્કાલીન સીનીયર સહિતના કેટલાક અધિકારીઓના નિવેદનો પૂછપરછ બાકી હોવાથી તપાસ ચાલુ જ રાખવામાં આવનાર છે.



અગ્નિકાંડની તપાસ માટે સીનીયર આઇપીએસ અધિકારી સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળ ટીમની રચના કરવામાં આવી હતી તેના દ્વારા બે ડઝન જેટલા અધિકારીઓની પૂછપરછ કરવા ઉપરાંત નિવેદન નોંધવામાં આવ્યા હતા અને તેના આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. સીટના સભ્યો આજે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીને મળ્યા હતા અને ૧૦૦ પાનાનો રીપોર્ટ સુપ્રત કરવામાં આવ્યો હતો.

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી સાથેની બેઠક બાદ સીટના વડા સુભાષ ત્રિવેદીએ વાતચીતમાં જણાવ્યું હતું કે રીપોર્ટ ૧૦૦ પાનાનો છે. બે ડઝન અધિકારીઓના પૂછપરછમાં નિવેદનો સામેલ છે. ઘટનાનું એફએસએલ આર્કટિક્? કરાવવામાં આવ્યું છે. દરેકે દરેક પાસાનો અભ્યાસ કરીને તપાસમાં આવરી લેવામાં આવ્યા છે. જુદા જુદા વિભાગોની બેદરકારી સામે આવી છે.

તેમણે ચોખવટ કરી કે ગેમઝોનના પ્રારંભ વખતે અને ત્યારપછીના અગ્નિકાંડ સુધીના ઘટનાક્રમ દરમ્યાન ફરજ પરના અધિકારીઓની પૂછપરછ કરવામાં આવશે. કેટલાક અધિકારીઓની પૂછપરછ બાકી છે એટલે હજુ સીટની તપાસ ચાલુ જ રહેશે.

ગેમઝોનમાં પેટ્રોલના જથ્થા વિશે તેઓએ કહ્યું કે ૨૦ લીટરથી વધુનો જથ્થો હોય તો જ ગુનો બને છે. ગેમઝોનમાં ચાલતી સ્પોર્ટસ કાર માટે સંચાલકો કેરબામાં પેટ્રોલ ચલાવતા હતા વિવિધ લોકોની પૂછપરછમાં આવું બહાર આવ્યું છે. તપાસમાં કોઇ કચાસ રાખવામાં આવી નથી અને કોઇપણ જવાબદારોને છોડવામાં નહીં આવે. ગેમઝોનમાં બર્થડે પાર્ટીમાં અધિકારીઓની હાજરી વિશે તેઓએ કહ્યું કે માર્ચ મહિનામાં યોજાયેલી બર્થ-ડે પાર્ટીમાં અધિકારીઓની હાજરી હતી. સુત્રોના કહેવા પ્રમાણે ૧૦૦ પાનાના રીપોર્ટમાં ફાયર બ્રીગેડ ટાઉન પ્લાનીંગ લાયસન્સ બ્રાંચ, પોલીસના વિભાગો અને માર્ગ-મકાન વિભાગની બેદરકારી વિષે પ્રકાશ પાડવામાં આવ્યો છે.

ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા વિશે હજુ તપાસ ચાલુ હોવાના સંકેત અપાયા છે. સીટ દ્વારા તપાસ દરમ્યાન ચાર આઇએએસ તથા એક આઇપીએસ અધિકારીની પૂછપરછ કરવામાં આવી હતી. જુદા- જુદા વિભાગોની બેદરકારી અને ઉચ્ચ અધિકારીઓની પૂછપરછ વચ્ચે કોઇપણ પદાધિકારી કે રાજકારણીના નામ રીપોર્ટમાં છે કે કેમ તે વિષે કોઇ ખુલાસો કરવામાં આવ્યો નથી ત્યારે પદાધિકારીઓને ક્લીનચીટ આપવામાં આવી છે કે કેમ તે વિષે રહસ્ય સર્જાયું છે. રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે છેલ્લા ૩ વર્ષથી ગેરકાયદેસર રીતે ચાલી રહેલા ગેમિંગ ઝોન વિરૂદ્ધ કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયર વિભાગે કોઇપણ પ્રકારના પગલાં લીધા નથી. સતત આંખ આડા કાન કરવામાં આવ્યા છે. રહેણાંક હેતુની જમીન પર કોમર્શિયલ એક્ટિવિટી ચાલી રહી હોવાછતાં તેને અટકાવવા સુદ્ધાંનો પ્રયાસ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ ઓફિસર અને એન્જિનિયરે ગેરકાયદેસર બિલ્ડીંગને હંગામી ગંભીર બેરદકારી દાખવી છે. એટલું જ નહી પરંતુ ફાયર વિભાગના અધિકારીઓએ એકવાર પણ મુલાકાત લીધી ન હોવાથી તેની પણ લાપરવાહી સ્પષ્ટપણે જણાઇ રહી છે.

આ રિપોર્ટમાં બનાવ કેવી રીત બન્યો છે. શું કારણો છે. સરકારના તંત્રના કયા અધિકારીઓ સંકળાયેલા છે. ભવિષ્યમાં બનતા આ પ્રકારના બનાવોને અટકાવવા માટે શું કરી શકીએ.

# તપાસની ભીંસમાં ટીપીઓ સાગઠિયા ડિપ્રેશનમાં ગરકાવ

**પૂછપરછમાં શંકાસ્પદ જણાતી ફાઈલોમાં કોઈ ખાનગી એન્જીનીયર્સ, આર્કિટેક્સના નામો આવે તો તેને પણ બોલાવવા એસીબીની તૈયારી**

રાજકોટ, તા.૨૧

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં સંડોવાયેલા રાજકોટ મનપાના ટીપીઓ એમ. ડી. સાગઠિયા તપાસની ભીંસથી ડિપ્રેશનમાં ગરકાવ થઇ ગયા છે. ક્રાઇમ બ્રાંચે ગેમઝોન આગ દુર્ઘટના બાદ ખોટી મિનિટ્સ નોટના ગુનામાં ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા છે. આ પૂર્ણ થશે પછી સાગઠિયાનો એસીબી કબ્જો લેશે. આમ લાંબી તપાસ પ્રક્રિયામાંથી સાગઠિયા પસાર થાય છે.



બુધવારે એસીબીએ રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર, વર્ગ-૧, મનસુખભાઇ ધનાભાઇ સાગઠીયા, વિરૂધ્ધ અપ્રમાણસર મિલકતની ફરિયાદ નોંધી હતી. એસીબીએ જણાવ્યું હતું કે, તા.૧/૪/૨૦૧૨થી તા.૩૧/૫/૨૦૨૪ ના સમયગાળાના ચેક પિરીયડ દરમ્યાન સાગઠિયા દ્વારા વસાવવામાં આવેલ મિલકતોની તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

જેમાં સાગઠિયાએ પોતાની કાયદેસરની આવક ૨ કરોડ ૫૭ લાખ ૧૭ હજાર ૩૫૯ના પ્રમાણમાં પોતાના તથા પોતાના પરિવારજનોનાં નામે કુલ રોકાણ અને ખર્ચ ૧૩ કરોડ ૨૩ લાખ ૩૩ હજાર ૩૨૩ કરેલાનું તપાસ દરમ્યાન ફલિત થયેલ છે. આમ, સાગઠિયાએ પોતાની કાયદેસરની આવકના પ્રમાણમાં રૂ.૧૦ કરોડ ૫૫ લાખ ૩૭ હજાર ૩૫૫ની વધુ સંપતિ વસાવેલાનું જણાઇ આવેલ છે. જે તેઓની આવકના પ્રમાણમાં ૪૧૦.૩૭ ટકાથી વધુ અપ્રમાણસર મિલકતો છે. એસીબીએ સાગઠિયાના ગુનામાં તપાસ આરંભી દીધી છે. જે પુરાવા મળ્યા છે, તેને ક્રોસ ચેક કરવા પ્રક્રિયા હાથ ધરી છે.

કઇ ફાઇલમાં ગેરરીતિ થઇ છે? કઇ ફાઇલમાં મલાઇ ઉતારી છે? વગેરે અંગે તપાસ થશે. સાગઠિયાની કાર્યરીતિ કેવી હતી? તે જાણવા એસીબી ટીપી શાખાના ૧૫ અધિકારી-કર્મચારીઓની પૂછપરછ એસીબી કરી રહી છે. પૂછપરછમાં શંકાસ્પદ જણાતી ફાઇલો અલગ તારવવામાં આવી રહી છે. કે ફાઇલમાં ભ્રષ્ટાચાર થયો હોય એવું જણાશે તો, તેમાં કોઇ ખાનગી એન્જીનીયર્સ, આર્કિટેક્સના નામો આવે તો, તેને પણ બોલાવી પૂછપરછ કરવામાં આવી શકે છે.

# ૨૫મીએ રાજકોટ બંધનું એલાન

## જીજ્ઞેશ મેવાણી સહિત કોંગી નેતાઓની પત્રિકા વિતરણ કરી પીડિતોને ન્યાય અપાવવા બંધમાં જોડાવવા લોકોને હાથ જોડી અપીલ



રાજકોટ.તા.૨૨

ગેમઝોનમાં થયેલ અગ્નિકાંડમાં ૨૭ લોકોના મોત બાદ કોંગ્રેસ દ્વારા પીડિતોને ન્યાયની માંગ સાથે સીટમાં નોન કરપ્ટેડ અધિકારીઓની નિમણુંક કરી પીડિતોને એક કરોડની સહાય સહિતની અલગ અલગ માંગણી સાથે આગામી ૨૫મેં ના રોજ રાજકોટ સ્વયંભૂ બંધનું એલાન આપ્યું છે. આ પહેલા ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહીત કોંગી નેતાઓ અલગ અલગ વિસ્તારમાં ફરી વેપારીઓ અને લોકોને ૨૫ તારીખે બંધમાં સ્વયંભૂ જોડાવવા હાથ જોડી અપીલ સાથે વિનંતી કરી રહ્યા છે અને ન્યાય માટેના મુદ્દાઓની પત્રિકાનું વિતરણ કરી રહ્યા છે. આ મામલે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ ખાતે બનેલા ભયાનક અગ્નિકાંડમાં અનેક નિર્દોષની જીંદગી હોમાઈ ગઈ. ગુજરાતના ભ્રષ્ટાચારી શાસકો અને ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર રીતે ચલાવવા દેવાયેલ ગેમઝોનમાં લાગેલી વિકરાળ આગમાં જીવતા ભુંજાઈ ગયેલા નાના બાલુડાઓ અને નવયુવાનોના ચિત્કારની કલ્પના માત્રથી કાળજુ કંપી ઉઠે છે. આપણે ૪૫ ડિગ્રી તાપમાં ત્રાહિમામ પોકારી જઈએ છીએ, તો વિચારો ની આગમાં ૩૦૦૦ ડિગ્રી ગરમીમાં ભુંજાઈ ગયેલ નિર્દોષોની દશા શું થઈ હશે.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, આ ઘટનાએ કેટલાક સવાલ ઉભા કર્યા છે જેમ કે સંપૂર્ણપણે કાયદાઓનું ઉલ્લધન કરીને આવા ગેમ ઝોન કેમ ચાલવા દેવાયા? કોના દબાણથી આ બન્યું? અગાઉ પણ આગ લાગી છતાં ફાયર શેફ્ટી માટે કેમ કોઈ કાર્યવાહી ન થઈ? કોરોનામાં મૃત્યુંના આંકડા છુપાવ્યા તેમ આંમા પણ આંકડા છુપાવવા પાછળનું રહસ્ય શું? ગુનાના સ્થળમાં પુરાવાનો નાશ એ ગંભીર ગુનો બને છે, તેવી સમજ સામાન્ય નાગરિકોને પણ હોય છે, ત્યારે રાતના અંધારમાં પુરાવાનો નાશ કરવાનો આદેશ આપનાર ને આ સમજ નહીં હોય? કોણે આપ્યો આ આદેશ? શા માટે આપ્યો આ આદેશ? પુરાવોનો નાશ કરનાર સામે કોઈ ગુનો દાખલ કેમ ન થયો?

સાથોસાથ સમગ્ર ઘટનામાં નાના કર્મચારી નાની માછલીઓની ધડપકડ થઈ, પરંતુ મોટા મોટા મગરમચ્છો, અધિકારીઓ, પદાધિકારીઓ આમાં સંડોવાયેલા છે તેની ધડપકડ કયારે? છેલ્લી પાંચ કરુણાંતિકામાં થઈ, તેનું કોઈ પરિણામ નહીં તોય એક જ અધિકારીની છેલ્લી ચાર કરુણાંતિકામાં નિયુક્તિ શા માટે? સ્પષ્ટ માંગ છે કે સુભાષ ત્રિવેદીને બદલાવી કોઈ નોન કરપ્ટેડ અધિકારીને સીટની તપાસ સોંપવામાં આવે અને પીડિત પરિવારોને ન્યાય? આપવામાં આવે.

## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ જિલ્લાના ક્ષતિગ્રસ્ત ૧૭૧ બીયુ, ૪૬૧ સીયુ અને ૬૫૬ વીવીપેટ બેંગ્લોરની બેલ કંપનીને રવાના

રાજકોટ, તા.૨૧

લોકસભાની ચૂંટણી બાદ હવે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ૧૨ જીલ્લાઓમાં ક્ષતિગ્રસ્ત ઈવીએમ મશીનો આજે રાજકોટથી મામલતદાર-નાયબ મામલતદાર અને પોલીસની ટીમ સાથે ખાસ ટ્રક મારફતે બેંગ્લોરની બેલ કંપનીને રવાના કરવામાં આવેલ છે. આ ક્ષતિગ્રસ્ત ઈવીએમ મશીનોને લઈને મામલતદાર હિમાંશુ ચૌહાણ, નાયબ મામલતદાર ધીરેન પુરોહિત, પોલીસ કાફલા સાથે બેંગ્લોર જવા રવાના થયા છે. તેઓ ચાર દિવસે બેંગ્લોર પહોંચશે જેમાં રસ્તામાં મહારાષ્ટ્રમાં હાલ વરસાદ પડી રહ્યો હોય તેનો પડકાર રહેલો છે. અહી એ ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણી સંદર્ભે કર્મચારીઓને અપાયેલ તાલીમ દરમ્યાન તેમજ એફએલસી અને



મોકપોલ દરમ્યાન જે ઈવીએમો ક્ષતિગ્રસ્ત બનેલ હોય તેવા આ ઈવીએમોને રીપેરીંગ માટે પરત બેંગલોરની બેલ કંપનીને મોકલાયા છે જયારે બાકીના ઈવીએમ ૪૫ દિવસ સુધી ઈલેકશન પીટીશન ન થાય ત્યાં સુધી ઈવીએમ વેરહાઉસમાં સુરક્ષીત રહેશે.

જે ક્ષતિગ્રસ્ત ઈવીએમ બેંગ્લોર રવાના કરાયા છે તેમાં રાજકોટના ૨૬ બીયુ ૯૬ સીયુ અને ૯૬ વીવીપેટનો સમાવેશ થાય છે જયારે સૌરાષ્ટ્રના અન્ય જીલ્લામાં અમરેલીના ૧૨ બીયુ ૨૯ સીયુ અને ૫૭ વીવીપેટ ભાવનગર જીલ્લાના ૨૩ બીયુ ૪૩ સીયુ અને ૯૦ વીવીપેટ, દેવભૂમિ દ્વારકા જીલ્લાના ૬ બીયુ ૧૬ સીયુ અને ૨૦ વીવીપેટ, ગીર સોમનાથના ૨૧ બીયુ અને ૩૭ સીયુ અને ૬૨ વીવીપેટ, જામનગરના ૧૧ બીયુ, ૩૫ સીયુ અને ૩૮ વીવીપેટ, જુનાગઢ જીલ્લાના ૨૫ બીયુ ૬૧ સીયુ અને ૮૨ વીવીપેટ કચ્છના ૧૧ બીયુ ૪૫ સીયુ અને ૬૦ વીવીપેટ, બોટાદના ૫ બીયુ ૧૦ સીયુ અને ૧૫ વીવીપેટ, પોરબંદરના ૧૦ બીયુ ૧૭ સીયુ અને ૪૦ વીવીપેટ, સુરેન્દ્રનગરના ૮ બીયુ ૫૧ સીયુ અને ૫૧ વીવીપેટ અને મોરબીના ૧૩ બીયુ ૨૧ સીયુ અને ૪૫ વીવીપેટ મળી કુલ ૧૭૧ બીયુ ૪૬૧ સીયુ અને ૬૫૬ વીવીપેટ બેંગ્લોરની બેલ કંપનીને પરત મોકલવામાં આવે છે.

## રાજકોટ જિલ્લાના ૫૧ નાયબ મામલતદારોની બદલી કરતા કલેકટર

રાજકોટ તા.૨૧

લોકસભાની ચૂંટણી પુરી થયા બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ નાયબ મામલતદારોની બદલીનો દોર હાથ પર લઈ ૫૧ જેટલા નાયબ મામલતદારોની સામુહિક આંતરીક બદલીઓના ઓર્ડરોનો ધાણવો કાઢયો છે.

જેમાં કલેકટર કચેરીની બીનખેતી અને પુરવઠા શાખામાં સાફસુફી કરવામાં આવી છે તેમજ ૧૫ નાયબ મામલતદારોને ડીઝાસ્ટર વિભાગના હવાલે કરવામાં આવેલ છે. આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન વાવાઝોડુ, પુર પ્રકોપ, અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં રાહત અને તકેદારીના પગલા માટે જીલ્લા-તાલુકા કક્ષાએ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર શરૂ કરવા અને રાજકોટ સહિત રાજયના ૩૩ જીલ્લાઓ તથા ૨૭૧ તાલુકાઓમાં હંગામી મહેકમ તા.૩૦/૧૧ સુધીનું મંજુર કરવામાં આવેલ છે. જે અંતર્ગત જીલ્લા કલેકટર દ્વારા આ બદલીના ઓર્ડરો ઈશ્યુ કરી દેવામાં આવેલ છે. જેમાં જીલ્લા પુરવઠા કચેરીમાં પુરવઠા નિરીક્ષક તરીકે ફરજ બજાવતા તેજ પાનસુરીયાને કલેકટર કચેરીની ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુકવામાં આવેલ છે. આવી જ રીતે રાજકોટ પ્રાંત-૨ કચેરીના ભાવીન વૈષ્ણવને રાજકોટ શહેરની પુર્વ મામલતદાર કચેરીમાં, નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી પડધરીના ધવલ ભીમજીયાણીને રાજકોટ શહેરની પશ્ચિમ મામલતદાર કચેરીમાં મુકવામાં આવેલ છે. રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરીના ભરત પરમારને આજ કચેરીમાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુકવામાં આવેલ છે. જયારે રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના ના.મામલતદાર કિરીટસિંહ ઝાલાને આજ કચેરીના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં ફરજ સોંપવામાં આવી છે.

# બેદરકાર તંત્રલોકપાલની નિમણૂક નહીં કરાતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ડિફોલ્ટર જાહેર

**અત્યાર સુધી દેશની ૨૫૬ અને ગુજરાતની ૧૯ યુનિવર્સિટી ડિફોલ્ટર જાહેર થઇ છે યુજીસીએ બે વખત મુદત આપી હતી છતાં સત્તાધીશોએ ગંભીરતા ન દાખવી**



રાજકોટ.તા.૨૨


વિદ્યાર્થી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને સંલગ્ન સમસ્યાનું નિરાકરણ આવે તે માટે યુજીસીએ દેશની તમામ યુનિવર્સિટીમાં લોકપાલની નિમણૂક કરવા માટે આદેશ કર્યા હતા. આ આદેશને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તાધીશો ઘોળીને પી ગયા છે. બે-બે વખત મુદત આપી હોવા છતાં લોકપાલની નિમણૂક નહિ કરાતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને યુજીસીએ ડિફોલ્ટર જાહેર કરી છે. જેને કારણે જે વિદ્યાર્થીઓ હાલમાં અભ્યાસ કરે છે તેના પર અને જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને નીકળી ગયા છે તે તમામ પર અસર આવશે.

જાન્યુઆરી માસમાં યુજીસીએ લોકપાલની નિમણૂક નહિ કરનાર દેશની ૨૫૬ યુનિવર્સિટીને ડિફોલ્ટ જાહેર કરી હતી. જેમાં રાજ્યની ૧૯ યુનિવર્સિટી હતી. ત્યારબાદ પછીના તબક્કામાં જાહેર કરેલી ડિફોલ્ટરની યાદીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સમાવેશ થયો છે.

લોકપાલની પોસ્ટમાં કોઈ પણ નિવૃત્ત વાઈસ ચાન્સેલર,૧૦ વર્ષનો અનુભવ ધરાવતા નિવૃત્ત પ્રોફેસર અથવા તો ભૂતપૂર્વ જિલ્લા ન્યાયાધીશની નિમણૂક કરવાની હોય છે. વિદ્યાર્થીઓના પ્રશ્ન સ્થાનિક કક્ષાએ ઝડપથી નિરાકરણ આવે તે માટે લોકપાલની નિમણૂક કરાતી હોય છે. આ સિવાય જો કોઈ વિદ્યાર્થીઓ ફરિયાદ નિવારણ સમિતિ પાસેથી રાહત મેળવવામાં નિષ્ફળ જાય તો ન્યાય માટે લોકપાલનો સંપર્ક કરી શકે છે. જ્યારે કોઇ યુનિ. ડિફોલ્ટરની યાદીમાં આવે તો યુજીસી રેગ્યુલેશન મુજબ શિક્ષાત્મક પગલાં પણ લેવામાં આવી શકે છે.

આ ઉપરાંત એકટ ૧૨-બી હેઠળ યુનિવર્સિટીને મળતી કેન્દ્ર સરકારની તેમજ યુજીસી દ્વારા મળતી ગ્રાન્ટ અટકાવી શકાય છે. યુનિવર્સિટીમાં ચાલતા કોર્સ અથવા તો ઓનલાઈન કે ડિસ્ટન્સ મોડમાં ચાલતા કોર્સની મંજૂરી રદ થઇ શકે છે. યુનિ.માં એડમિશન ન લેવા પબ્લિક નોટ જાહેર થઈ શકે છે. આ ઉપરાંત નેકનું ઈન્સ્પેક્શન આવે અથવા તો મૂલ્યાંકન થાય ત્યારે યુનિ. ડિફોલ્ટર છે કે કેમ તે મુદ્દો મહત્ત્વનો બની રહેતો હોય છે. અને તેના આધારે ગ્રેડ મળતો હોય છે. જે વિદ્યાર્થીઓ અભ્યાસ કર્યા બાદ વિદેશમાં નોકરી કે અભ્યાસ માટે જાય તો ત્યાં પણ તેનું મૂલ્યાંકન નકારાત્મક થતું હોય છે.

# બજરંગવાડીની શ્રીનાથજી ડેરીમાંથી પાંચ કિલો મીઠાઈનો નાશ



રાજકોટ, તા.૨૨

શહેરના બજરંગવાડીની શ્રીનાથજી ડેરીમાંથી પાંચ કિલો વાસી મીઠાઇ મળતા તેનો નાશ કરાયો હતો. તો મોરબી રોડ અને પુષ્કરધામ પાસે મદ્રાસ કાફે તથા ફૂડ હોલીડેને નોટીસ અપાઇ હતી.

બજરંગવાડીમાં પુનિતનગર મેઇન રોડ પર આવેલ શ્રીનાથજી ડેરી ફાર્મમાં તપાસ કરતા પેઢીમાં સંગ્રહ કરેલ વાસી અખાદ્ય મીઠાઇ પાંચ કિલોનો નાશ કરી યોગ્ય સ્ટોરેજ, હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ સ્થળ પર દર્શાવવા બાબતે નોટીસ અપાઇ હતી. જયારે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન તીર્થ એપાર્ટમેન્ટ, ૮૦ ફૂટ રોડ, જૂનો મોરબી રોડના ગાયત્રી મદ્રાસ કાફેમાં તપાસ કરતા હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા ન્યૂસન્સ બાબતે નોટીસ અપાઇ હતી.પુષ્કરધામ રોડ પર આવેલ ફૂડ હોલીડે, ૫૫-કાફેની તપાસ કરતા ત્યાં પણ નોટીસ અપાઇ છે. શહેરના મુંજકા ગામ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓને ત્યાં ૧૮ સેમ્પલની ચકાસણી કરી ૧૧ ધંધાર્થીને લાયસન્સ માટે નોટીસ અપાઇ છે. જેમને નોટીસ અપાઇ તેમાં (૧)રામકૃષ્ણ પ્રોવિઝન સ્ટોર (૨)અમૃતમ પ્રોવિઝન સ્ટોર (૩)શિવ કોલ્ડ્રિંક્સ (૪)જય જલારામ નાસ્તા ગૃહ (૫)માં ભગવતી ફરસાણ (૬)શિવકૃપા રસ સેન્ટર (૭)શ્રી દેવ ચામુંડા પાણીપૂરી (૮)બંસીધર લાઇવ પફ (૯)દ્વારકાધીશ હોટલ (૧૦)રોનક મદ્રાસ કાફ (૧૧)રોનક પાન કોલ્ડ્રિંક્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત (૧૨)ઓમ કોલ્ડ્રિંક્સ (૧૩)ક્રિષ્ના અમુલ પાર્લર (૧૪)ક્રિષ્ના પ્રોવિઝન સ્ટોર (૧૫)સ્વીટ ડિલાઇટ બેકરી (૧૬)ગાત્રાડ ફ્લોર મિલ (૧૭)ગાત્રાડ કોલ્ડ્રિંક્સ (૧૮)ગાત્રાડ જનરલ સ્ટોર (૧૯)ગાત્રાડ ડેરી ફાર્મમાં ચકાસણી કરાઇ હતી. ફૂડ વિભાગે જુના મોરબી રોડના ગાયત્રી મદ્રાસ કાફેમાંથી સંભાર અને કોઠારીયા રોડ પર વિવેકાનંદનગરમાં આવેલ હંગામા ગુલ્ફીમાંથી સ્પે. હંગામા ગુલ્ફીના નમુના લીધા છે.

# નડાબેટમાં મુખ્યમંત્રીની હાજરીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી

■ **અમદાવાદમાં ગૃહમંત્રી અમિત શાહ, રાજયના ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ યોગાભ્યાસ કર્યો**



ગાંધીનગર, તા. ૨૧: ગુજરાતમાં રાજ્યકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી બનાસકાંઠાના નડાબેટ ખાતે કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, બીએસએફના જવાનો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આજના યુગમાં તણાવમુક્ત અને સરળ જીવનશૈલી માટે યોગ ઉત્તમ કહેવાય છે. યોગ પ્રાચીન ભારતના ઋષિમુનિઓએ આપેલી અમૂલ્ય ભેટ છે. આશરે પાંચ હજાર વર્ષ પહેલાં પતાંજલિ ઋષિએ યોગશાસ્ત્રનું સર્જન કર્યું હતું. ત્યારથી યોગની પરંપરા ચાલી આવે છે.

યોગ દિવસની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠાની સરહદી ચેકપોસ્ટ નડાબેટમાં પહોંચ્યા હતા. ત્યારે તેઓ ગુરુવારે જ સાંજે બનાસકાંઠા જિલ્લાના થરાદ પહોંચી ગયા હતા. અહીંના વડગામડા ગામ ખાતે નાગરિકો સાથે લોકસંવાદ કરી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા. લોકોએ અહીં જમીન રિ સરવે, પાણી, રસ્તા, શિક્ષણ અને સિંચાઈ જેવા મુદ્દા રજૂ કર્યા હતા. મુખ્યમંત્રીએ તેનું નિરાકરણ લાવવા વાયદો આપ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સિંધુ ભવન રોડ પર આવેલા ગોટિલા ગાર્ડનમાં યોજનારા યોગ કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા. અહીં મોટી સંખ્યામાં લોકો પણ જોડાયા હતા.

# ઈતિહાસમાં પહેલીવાર, રોંગ સાઈડમાં વાહન ચલાવ્યું તો જેલ થશેઃ આકરા નિયમો

અમદાવાદ, તા. ૨૨ઃ અમદાવાદમાં વધતા અકસ્માતોને લઈને ટ્રાફિક પોલીસ દ્વારા આવતીકાલથી રોંગ સાઈડ ચાલતાં વાહનો માટે ડ્રાઈવ યોજવામાં આવશે. આવતીકાલથી ૧૦ દિવસ સુધી ડ્રાઈવ યોજાશે. જેમાં રોંગ સાઈડ વાહન ચલાવતા વાહનચાલકોને દંડવામાં નહીં આવે. પરંતુ વાહનચાલક સામે પોલીસ કેસ કરવામાં આવશે. અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આવતીકાલથી ૩૦ જૂન સુધી રોંગ સાઈડ માટેની ડ્રાઈવ યોજવામાં આવશે. શહેરમાં બનતા અકસ્માતોને લઈને ડ્રાઈવ યોજવામાં આવશે. શહેરના અલગ અલગ વિસ્તારમાં ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ દ્વારા સાથે મળીને ડ્રાઈવ યોજવામાં આવશે. આ ડ્રાઈવ દરમિયાન રોંગ સાઈડમાં વાહન ચલાવનાર વાહનચાલકોને પકડીને તેમની સામે કલમ ૨૭૯ અને ૧૮૪ મુજબ ગુનો નોધવામાં આવશે. આ ગુનામાં વાહનચાલકની



ધરપકડ પણ કરવામાં આવશે.

ટ્રાફિક જેસીપી એન.એન. ચૌધરીએ જણાવ્યું હતું કે, શહેરમાં અકસ્માતોના બનાવ ઘટાડવા માટે ડ્રાઈવ યોજવામાં આવશે. આ ડ્રાઈવ શહેરના એસ.જી. હાઈવે સહિતના મોટા રસ્તાઓથી શરૂ કરવામાં આવશે. ત્યારબાદ અંદરના રસ્તાઓ પર પણ ડ્રાઈવ યોજાશે. ડ્રાઈવ દરમિયાન વાહનચાલકોને દંડવાની જગ્યાએ કેસ કરવામાં આવશે. વાહનચાલકોએ પોલીસ સ્ટેશનમાંથી જામીન લેવા પડશે.

રોંગ સાઈડમાં જતા વાહનચાલકો સામે ટ્રાફિક અને સ્થાનિક પોલીસ બન્ને ગુનો દાખલ કરી શકશે. દરેક વિસ્તારમાં રોંગ સાઈડ જતા બે-બે સ્પોર્ટ આઈડેન્ટિફાય કર્યા છે. ખાસ કરીને સ્કૂલો બહાર ઝુંબેશ ચાલશે. બાળકોને સ્કૂલે મૂકવા જતા વાલીઓએ ખાસ ધ્યાન રાખવું કે, રોંગ સાઈડમાં વાહન ચલાવવાનું ટાળવું.

ટ્રાફિક જેસીપી નરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે, પોલીસ કમિશનર તરફથી આદેશ મળ્યો છે કે, અવારનવાર જે એક્સિડન્ટ થઈ રહ્યા છે, તેમાં રોંગ સાઈડથી આવતાં વાહનોના કારણે અકસ્માતના બનાવ બનતા હોય છે તો તેના કારણે અમે ૨૨ જૂનથી લઈને ૩૧ જૂન સુધી ૧૦ દિવસની ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરીએ છીએ. આ ડ્રાઈવનો મુખ્ય હેતુ રોંગ સાઈડમાંથી આવતા વાહનચાલકોને અટકાવવાનો છે. રોંગ સાઈડથી જે વાહનો આવતાં હોય છે તેમના વિરુદ્ધ ૧૮૪ અંતર્ગત કાર્યવાહી કરીએ છીએ પરંતુ, આ ડ્રાઈવમાં અમે તે ચાલકો વિરુદ્ધ ૨૭૯ અને ૧૮૪ અંતર્ગત ગુનો દાખલ કરીને FIR નોંધીને કાર્યવાહી કરવામાં આવશે.

# રાજકોટ મનપા દ્વારા રૂ. ૩.૨૦ કરોડનાં ખર્ચે સર્વેશ્વર ચોકનો વોકળો બનાવાશે, મલ્ટીલેવલ પાર્કિંગ નહીં બને

રાજકોટ, તા. ૨૨ઃ રાજકોટનાં સર્વેશ્વર ચોકમાં ગત વર્ષે સપ્ટેમ્બર માસમાં વોકળા પરનો સ્લેબ તૂટી પડવાની દુર્ઘટના બની હતી. આ બાદ મનપાએ અહીં નવો વોંકળો બનાવવાનો નિર્ણય કર્યો હતો. જો કે, કામ શરૂ થાય તે પહેલાં જ લોકસભા ચૂંટણીની આચારસંહિતા અમલી બની જતાં કામ ત્રણેક મહિના પાછું ઠેલાયું હતું. હવે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સર્વેશ્વર ચોકમાં આ વોકળા પર બોક્સ કલવર્ટથી નવો વોકળો બનાવવાની દરખાસ્તને મંજૂર કરવામાં આવી છે. જેને લઈને ચોમાસા પછી રૂ. ૩.૨૦ કરોડના ખર્ચે તૈયાર થનાર આ આધુનિક વોકળાની કામગીરી શરૂ કરવામાં આવશે. જોકે, અહીં મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવા માટે કન્સલ્ટન્ટ નિમવાની દરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. જેને લઈને હવે અહીં મલ્ટીલેવલ પાર્કિંગ બનશે નહીં.

**અંદાજે ૨૪ મહિના વોકળાનું કામ ચાલશે**

સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરના



જણાવ્યા મુજબ, સર્વેશ્વર ચોક દુર્ઘટના બાદ મનપા દ્વારા હવે નવેસરથી વોંકળા ઉપર સ્લેબ બનાવવા તેમજ યાજ્ઞીક રોડ ઉપરના રાજાશાહી વખતના નાલા(કલવર્ટ)ને ફરીથી બનાવવા માટે કામગીરી કરવામાં આવશે. જેમાં મેહુલ્સ કિચનથી રોડની બીજીબાજુ નાગરિક બેંક સુધી ૧૩૦ મીટર લંબાઈ અને ૯ મીટર પહોળાઈનું નવું નાલું બોક્સ કલવર્ટ સિસ્ટમથી બનાવવામાં આવશે. જેની ઊંચાઈ ૨.૫ મીટર રહેશે. આગામી બે દિવસમાં આ માટે અંદાજીત રૂ.૩.૨૦ કરોડનો ખર્ચ થશે. ચોમાસા બાદ આ કામગીરી શરૂ થશે અને અંદાજે ૨૪ મહિનામાં કામ પૂર્ણ કરવામાં આવશે.

**ડાયવર્ઝનને લઈ તંત્રનો અભ્યાસ શરૂ**

સર્વેશ્વર ચોકનો અંદાજે ૩૦ વર્ષ જૂનો સ્લેબ તૂટી પડયો હતો. વોકળા ઉપરનો સ્લેબ પૂરાણો હોવાથી અકસ્માત સર્જાયા બાદ હાલ ત્યાં પતરા મારીને રસ્તા બંધ રખાયા છે. વોકળા ઉપર બનેલી ઈમારતમાં દુકાનો અને ઓફિસો પણ બંધ રખાવવામાં આવી છે.

આ સ્લેબ નવો બનાવવા માટે મનપા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જેમાં યાજ્ઞીક રોડ નાગરિક બેંકની ઈમારત પાસેથી નાળું બની ન જાય ત્યાં સુધી બંધ કરવો પડે તેમ હોવાથી વૈકલ્પીક રસ્તા શોધવામાં આવી રહ્યા છે. જોકે, એસ્ટ્રોન પાછળથી રસ્તો નિકળે છે અને સરદારનગરમાંથી પણ જાગનાથમાં જવા માટે ડાયવર્ઝન કાઢી શકાય તેમ છે. હાલ આ માટે અભ્યાસ ચાલી રહ્યો છે.

# બોર્ડની પૂરક પરીક્ષા કેન્દ્ર આસપાસ ૪થી વધુ લોકોને એકત્ર થવા પર પ્રતિબંધ, ૧૦૪૩૪ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા

રાજકોટ, તા. ૨૨: રાજકોટમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તા. ૨૪ જૂન ૨૦૨૪થી તા. ૩ જુલાઈ ૨૦૨૪ દરમિયાન જઈની પૂરક પરીક્ષા બે પેટા કેન્દ્રોના ૨૧ બિલ્ડિંગ પરથી જ્યારે આ ઉપરાં ઈજ્ઈની પૂરક પરીક્ષા તા. ૨૪ જૂન ૨૦૨૪થી તા. ૩ જુલાઈ ૨૦૨૪ દરમિયાન બે પેટા કેન્દ્રો પર ૧૧ બિલ્ડિંગમાં પરીક્ષા લેવાનાર છે. જે અનુસંધાને પોલીસ કમિશનર બ્રજેશ ઝા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.



આ જાહેરનામામાં જણાવ્યા મુજબ આ પરીક્ષાઓ પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુક્ત અને શાંત વાતાવરણમાં આપી શકે. બહારના કોઈ તોફાની તત્વો આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાત આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહીં. પરીક્ષા દરમિયાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃત્તિ આચરે નહીં તે માટે તા. ૨૪ જૂન ૨૦૨૪થી તા. ૩ જુલાઈ ૨૦૨૪ સુધી જાહેર રજાના દિવસો સિવાય સવારે ૮ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી રાજકોટ શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં પરીક્ષા લેવાનાર છે. તે કેન્દ્રો (શાળાઓ)ના કમ્પાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહીં કે શાળાઓ (કેન્દ્રો)માં પ્રવેશ કરશે નહીં કે વાહન લઈ જઈ શકશે નહીં કે લાવશે નહીં. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્ર આસપાસ ચારથી વધુ માણસો ભેગા થશે નહીં અને વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જાય નહીં તે અંગે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામાના અમલ દરમિયાન પરીક્ષા કેન્દ્ર આસપાસના ઝેરોક્ષ મશીન બંધ રાખવાના રહેશે. ઉલ્લેખનીય છે કે જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર રહેશે. ગુજરાત બોર્ડ દ્વારા લેવામાં આવનાર પૂરક પરીક્ષા માટેના પ્રશ્નપત્રો સહિતની સામગ્રીઓ રાજકોટ આવી પહોંચી છે જેને કરણસિંહજી હાઈસ્કૂલ ખાતે સ્ટ્રોંગરૂમમાં રાખી સીલ કરી દેવામાં આવ્યા છે. ધોરણ ૧૦માં એક ઝોનના બે પેટા કેન્દ્રો ઉપર ૨૧ બિલ્ડિંગમાં ૧૮૦ બ્લોક ખાતે કુલ ૬૧૩૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં એક કેન્દ્ર ઉપર ચાર બિલ્ડિંગમાં ૩૧ બ્લોક ખાતેથી કુલ ૨૮૫૮ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એક કેન્દ્રના ૭ બિલ્ડિંગમાં ૬૯ બ્લોક પરથી ૧૪૩૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આમ ધોરણ ૧૦ અને ૧૨ માં કુલ ૧૦૪૩૪ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

# આગામી ૭ દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદ આગાહી

## ■ અમદાવાદમાં ભારે પવન ફૂંકાયો, આવતીકાલે ભગવાન જગન્નાથની જલયાત્રા દરમિયાન મેઘમહેરની શક્યતા

અમદાવાદ, તા. ૨૨: ગુજરાત રાજ્યમાં જૂન બાદ ચોમાસાની શરૂઆત થઈ જતી હોય છે. ત્યારે ચોમાસુ નવસારીમાં અટવાઈ ગયું છે. પરંતુ વિવિધ સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાવવાને કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં છૂટાછવાયા વરસાદ ઝાપટા વરસી રહ્યા છે. ત્યારે હજુ પણ આગામી સાત દિવસ માટે હળવો તો ક્યાંક મધ્યમ તો કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. આ ઉપરાંત રાજ્યના અનેક જિલ્લાઓમાં મેઘગર્જનાની પણ સંભાવના છે. ત્યારે આવતીકાલે જેઠ સુદ પૂનમના દિવસે ગુજરાતના અમદાવાદ શહેરમાં આવેલા જગન્નાથ મંદિર રથયાત્રા પૂર્વે જલયાત્રા યોજાય છે તે દરમિયાન અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. ઉલેખનીય છે કે, ગત વર્ષે પણ જળયાત્રાના દિવસે મેઘમહેર થઈ હતી.




આજે (૨૧ જૂન) અમદાવાદ શહેરમાં કેટલાક સ્થળોએ સાંજના સમયે ભારે પવન ફૂંકાવાની શરૂઆત થઈ છે. જોકે, હવામાન વિભાગે પૂર્વાનુમાન કર્યું હતું કે, ગુજરાત રાજ્યમાં ૩૫થી ૪૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ત્યારબાદ સાંજના સમયે પવનની ગતિ તેજ થઈ છે અને શહેરમાં ધૂળની ડમરીઓ ઉડવાની શરૂઆત થઈ છે.

### બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે ઉત્તર ગુજરાતના જિલ્લાઓ જેવા કે, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ અને દાહોદમાં ભારે વરસાદની શક્યતા છે. તેનું કારણ જણાવતાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, હાલમાં રાજસ્થાનના દક્ષિણ પશ્ચિમ ભાગમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે તેને કારણે સમગ્ર ગુજરાત રાજ્યમાં વરસાદની શક્યતા છે. આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩૫થી ૪૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાશે. તેને કારણે ગુજરાતના ઉત્તરી અને દક્ષિણી ભાગના દરિયાકાંઠામાં આજે અને આવતીકાલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. ૨૩ જૂનના રોજ પણ દક્ષિણ ગુજરાતના વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે. તદુપરાંત આજના દિવસ માટે સમગ્ર ગુજરાત રાજ્યમાં મેઘગર્જનાની ચેતવણી હવામાન વિભાગે આપી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સાથે કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં છૂટા છવાયા સ્થળોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ વરસી શકે છે. આવતીકાલે પણ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતની સ્થિતિ એકસમાન રહેશે. સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ જેવા કે, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને દીવમાં છૂટા છવાયા સ્થળો પર હળવા વરસાદની શક્યતા છે. આ સાથે જ આગામી સાત દિવસ દરમિયાન ગુજરાત રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદની શક્યતા છે. જેમાં ક્યાંક ભારે તું ક્યાંક છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે.

# બિલ્ડીંગ પ્રોજેક્ટ માટે જુના એરપોર્ટની NOCમાંથી મુક્તિઃ હવે ‘સીટી’માં પણ ગગનચુંબી ઈમારતો બની શકશે

## નિયમ રદ કરતો ઠરાવ ગેઝેટમાં પ્રસિધ્ધઃ કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ દિલ્હીમાં રાજકોટ બિલ્ડર એસોસીએશનના ઉપપ્રમુખ ધ્રુવિક તળાવીયાને પત્ર સોંપ્યોઃ બિલ્ડર લોબીમાં હરખની હેલી

- **ઉંચાઇ મર્યાદાને કારણે લાંબા વખતથી અટવાયેલા પ્રોજેક્ટોની મંજુરીનો માર્ગ મોકળોઃ ૪ કિમીના વિસ્તારમાં નિયમ લાગુ પડતો હતો**

રાજકોટ, તા.૨૧ઃ રાજકોટના શહેરી વિસ્તારમાં ગગનચૂંબી ઈમારતોના નિર્માણમાં અંતરાળરૂપ જુના એરપોર્ટની એનઓસી મેળવવાનો નિયમ છેવટે રદ થયો છે. કેન્દ્રીય ઉડ્ડયનમંત્રી રામમોહન નાયડુએ રાજકોટ બિલ્ડર એસોસીએશનની રજુઆતનો ચાર જ દિવસમાં ઉકેલ લાવી દેતા બિલ્ડર લોબીમાં હરખની હેલી સર્જાઇ છે.

આ સમસ્યા ઉકેલાતા શહેરી વિસ્તારોમાં પણ ઉંચાઈની મર્યાદા દૂર થઇ જવા સાથે ગગનચૂંબી ઈમારતો બની શકશે. લાંબા વખતથી અટવાયેલા સંખ્યાબંધ પ્રોજેક્ટોની મંજુરી મળવા લાગવાના સંકેત છે.

રાજકોટમાં નવું હિરાસર એરપોર્ટ કાર્યાન્વિત થઇ ગયાને એક વર્ષ જેવો સમય વીતી જવા છતાં જુના એરપોર્ટના ચાર કિલોમીટરના વિસ્તારમાં બાંધકામના નિયંત્રણો યથાવત રહ્યા હતા. જુના એરપોર્ટનું લાયસન્સ પણ રદ થઇ ગયું હોવાથી તેનું એનઓસી ફરજીયાત રાખવામાં આવ્યું હતું.

પરિણામે બિલ્ડરોને પ્રોજેક્ટ પ્લાનમાં જરૂરી ઉંચાઇ જેવી મંજુરી મળતી નહતી. બિલ્ડરો દ્વારા એકાદ વર્ષથી કેન્દ્રમાં રજુઆતો કરવામાં આવતી હોવા છતાં નિવેડો આવતો નહતો પરિણામે સંખ્યાબંધ પ્રોજેક્ટ પ્લાન લાંબા વખતથી કોર્પોરેશનમાં અટવાયેલા હતાં. કેન્દ્રમાં નવી એનડીએ સરકારનું ગઠન થવા સાથે બિલ્ડર એસો.ના ઉપપ્રમુખ ધ્રુવિક તળાવીયા ગત શનિવારે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુને રૂબરૂ મળ્યા હતા અને વિગતવાર રજુઆત કરી હતી. તેઓએ એક અઠવાડિયામાં સમસ્યા ઉકેલવાની બાહેંધરી આપી હતી. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રીએ ‘વચન પાલન’ કર્યું હોય તેમ પાંચ જ દિવસમાં લાંબા વખત જુની સમસ્યા ઉકેલી નાખી છે. બિલ્ડીંગ પ્રોજેક્ટ માટે જુના એરપોર્ટની એનઓસીનો નિયમ રદ કરવાનો નિર્ણય લઈને તેની ગેઝેટમાં પ્રસિદ્ધિ પણ કરાવી નાખી છે. તેઓ દ્વારા રાજકોટ બિલ્ડર એસો.ને જાણ કરવા સાથે ઉપપ્રમુખ ધ્રુવિક તળાવીયાને તે પત્ર પણ રૂબરૂમાં સોંપ્યો હતો. જાણીતા બિલ્ડર ધ્રુવિક તળાવિયાએ આજે વાતચીતમાં કહ્યું છે કે, લાંબા વખતની સમસ્યા છેવટે ઉકેલાઇ છે. જુના એરપોર્ટની એનઓસી ફરજીયાત હોવાના કારણોસર જુના એરપોર્ટની ફરતેના ચાર કિ.મી. વિસ્તારમાં બિલ્ડીંગની ઉંચાઇ મર્યાદાના નિયમો લાગૂ પડતા હતા જે હવે દૂર થઇ જાય છે. શહેરના સીમાડે ૨૦-૩૦ કે ૪૦ માળના પ્રોજેક્ટો મુકાય છે તેવા ગગનચૂંબી પ્રોજેક્ટો સીટી એરિયામાં પણ શક્ય બનશે.





## ધોરાજીના પંચનાથ મહાદેવ મંદિર નાં મહંત મહા મંડલેશ્વર શ્રદ્ધાનંદજી મહારાજ સનાતન ધર્મ સંસ્થાન સેવા ટ્રસ્ટ દ્વારા સભ્ય તરીકે નિમણૂક કરાઈ છે

ધોરાજી, તા. ૨૨ઃ રાજકોટ ખાતે યોજાયેલા સનાતન ધર્મ સંસ્થાન સેવા ટ્રસ્ટના મહાસંમેલન કાર્યક્રમમાં પરમ જગતગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ,પૂ મુક્તાનંદજી મહારાજ, મહંતપીર યોગી શેરનાથ બાપુ સહિતના સંતોની ઉપસ્થિતિમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો આ આ કાર્યક્રમમાં ધોરાજી પંચનાથ મહાદેવ મંદિરના મહંત અને મહામંડલેશ્વર શ્રદ્ધાનંદજી મહારાજ ને સનાતન ધર્મ સંસ્થાન સેવા ટ્રસ્ટમાં સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે અને પરમ પૂજ્ય જગતગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સહજાનંદ સરસ્વતીજી મહારાજ સહિતના સંતોની ઉપસ્થિતિમાં અનિયુક્તિપત્ર અપાયો હતો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંતો સહિતના ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તળિયે: હત્યા, લૂંટ, ચોરીના બનાવ સામાન્ય બની ગયા

- **હત્યા, હત્યાના પ્રયાસ, મારામારી જેવાં બનાવો તો યુપી બિહારની જેમ સામાન્ય બની ગયાં: પોલીસ ક્રાઈમને અટકાવવામાં નાકામયાબ**
- **દિનદહાડે સરાજાહેર લોકોને છરી બતાવી લૂંટી લેવાં, તસ્કરો બેફામ બની ચોરીને અંજામ આપી હવામાં ઓગળી જાય છે**

રાજકોટ. તા.૨૧: શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તળિયે ગઈ હોય તેમ હત્યા, લૂંટ, ચોરીના બનાવ સામાન્ય બની ગયા છે. દિનદહાડે સરાજાહેર લોકોને છરી બતાવી લુખાઓ લોકોને લૂંટી લેતાં ડરતા નથી, તસ્કરો બેફામ બની ચોરીને અંજામ આપી હવામાં ઓગળી જાય છે, તેમજ હત્યા, હત્યાના પ્રયાસ, મારામારી જેવાં બનાવો તો યુપી, બિહારની જેમ સામાન્ય બની ગયાં હોય તેમ છાશવારે સામે આવી રહ્યાં છે. ઘણાં સમયથી પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને વાહન ચેકીંગ પર કંટ્રોલ કરી ઘટાડી દેવામાં આવતાં અવાર તત્વો તેનો ફાયદો ઉઠાવી પાઈપ, ધોકા, છરી જેવા હથિયારો સાથે રોફ જમાવી પોલીસને જ ચેલેન્જ આપતાં હોય છે. છેલ્લા ૧૫ દિવસની વાત કરવામાં આવે તો શહેરમાં યુપી- બિહારની જેમ ક્રાઈમની એક બાદ એક ઘટના સામે આવી રહી છે. જે ક્રાઈમને પોલીસ સામે તો લાવી રહી છે, પરંતુ સંપૂર્ણ નાથી શકવામાં અસફળ રહી છે. થોડાં દિવસ પહેલાં સરીતા વિહારમાં વેપારીના મકાનમાં તસ્કરોએ ત્રાટકી લાખો રૂપિયાની મતા ચોરી ફરાર થાક ગયાં હતાં. જેમને શોધવામાં હજું સુધી પોલીસને સફળતા મળી નથી. તેમજ રૈયા રોડ પર સરાજાહેર નામચીન શખ્સોએ રીક્ષા ચાલકને ધોકા પાઈપથી મારમારી હત્યાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં તેમની શોધખોળમાં ગયેલ પોલીસને આરોપીની કેબિનમાંથી દારૂનો જથ્થો પણ મળી આવતા નામચીન શખ્સો શહેરમાં પોલીસ છે જ નહીં તેવું માની ગુનાને અંજામ આપી રહ્યા છે.

તેમજ બે દિવસ પહેલાં વ્હેલી સવારે ત્રણ લુખ્ખાઓ બાઈક પર નીકળી મોકાજી સર્કલ પાસેથી રીક્ષા ચાલકને લૂંટી લીધાં બાદ મવડી બ્રિજ પાસેથી વેપારી અને હોમી દસ્તુર માર્ગ પરથી શ્રમિક સહિત પાંચ લોકોને સરાજાહેર લૂંટ ચલાવી નાસી છૂટતાં પોલીસના અસ્તિત્વ પર સવાલો ઉઠ્યા છે. તેમજ શહેરીજનો પણ ભયનો માહોલ અનુભવી રહ્યા છે. ઉપરાંત ગઈકાલે મોડી રાતે લોકોને કાયદાનો ડર જ ન હોય તેમ સામાન્ય બાબતમાં છ કલાકના અંતરે બે - બે યુવાનોની હત્યા થતાં શહેરભરમાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસ ગુનાને અંજામ આપી દિધા બાદ ગુનેગારોને ગણતરીની કલાકોમાં પકડી લેવાની શક્તિ ધરાવે છે, પણ ગુનેગારો ગુનાને અંજામ જ ન આપે તેવી છાપ ઉભી કરવામાં મહદઅંશે નિષ્ફળ નિવડી હોય તેવું પ્રસ્થાપિત થઈ રહ્યું છે. શહેર પોલીસ પાસે મહેકમ ઓછું છે, તે વાત પણ સ્વીકારવી રહી પણ તેની સામે જાંબાઝ પોલીસની ઈમેજ ધરાવતી શહેર પોલીસમાં કામ પ્રત્યે ઉદાસીનતા આવી છે ? તે હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

ગઈ તા.૨૫ ના મોકાજી સર્કલ પાસે આવેલ ગેમઝોનમાં લાગેલી આગમાં તાત્કાલિમ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સહિત ત્રણ આઈપીએસ ઓફિસર પણ તેમાં દાઝી ગયાં હતાં અને તાત્કાલિન ત્રણેયની બદલીઓ કરવામાં આવી હતી. જે બાદ શહેરની જવાબદારી આઈપીએસ બ્રજેશકુમાર ઝા ને સોંપવામાં આવી હતી. કડક અધિકારીની છાપ ધરાવતાં પોલીસ કમિશ્નરપર બેવડી જવાબદારી આવી છે. એક તરફ રાજકોટની પ્રજાને ન્યાય અપાવવા અગ્નિકાંડની નિષ્પક્ષ તપાસ અને શહેરની રખેવાડી કરવાની છે.

### રપેટ્રોલિંગ, ચેકીંગ ઘટતાં લુખ્ખા તત્વો બેફામઃ પાઈપ, ધોકા, છરી સાથે ફરવું સામાન્ય થઈ ગયું

શહેરમાં અવારનવાર લુખ્ખા તત્વો બેફામ બની ગુનાને અંજામ આપી રહ્યાં છે. જાણે કે, પોલીસનો કોઈ ભય જ રહ્યો ન હોય તેમ ઘાતકી હથિયારો સાથે ફરી રહ્યાં છે. ઘણાં સમયથી પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને વાહન ચેકીંગ પર કંટ્રોલ કરી ઘટાડી દેવામાં આવતાં અવાર તત્વો તેનો ફાયદો ઉઠાવી પાઈપ, ધોકા, છરી જેવા હથિયારો સાથે રોફ જમાવી પોલીસને જ ચેલેન્જ આપતાં હોય છે. તેમજ દિનદહાડે સરા જાહેર હત્યા, હત્યાનો પ્રયાસ, મારામારી જેવાં ગુનાને અંજામ આપી રહ્યાં છે. પોલીસે ખાસ શહેરના તમામ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવું જરૂરી બનાવી લોકોને સુરક્ષિત કરવા જોઈએ.

### પોલીસની આક્રમકતા ગુનેગારો સામે કેમ ઢીલી પડે છે ?

રાજકોટ શહેરમાં ક્રાઈમ સતત વધતો જાય છે. પોલીસ મથકમાં એસી ચેમ્બરમાં બેસેલા પોલીસ અધિકારીઓ સિંઘમની જેમ આક્રમકતા દેખાડતા હોય છે. પરંતુ પોતાના વિસ્તારમાં ક્રાઈમ રેટ ઘટાડવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા છે અને ગુનેગારો સામે ઢીલા પડી જતાં હોય છે. નવા રાજકોટમાં કુટણખાના, ચોરી, હત્યા, હત્યાના પ્રયાસ સામાન્ય બની ગયાં છે. તો સામાન્ય પ્રજા સાથે આક્રમકતા દેખાડતા પોલીસ અધિકારી ગુનેગારોને તેવી જ રીતે ટ્રીટમેન્ટ આપે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.



# રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં વિશ્વ યોગદિનની શાનદાર ઉજવણી

- પ્રાચીન યોગ વિદ્યાનો પ્રભાવ વિશ્વમાં મોટા પ્રમાણમાં પડી રહ્યો છે : સાંસદ પરસોતમ રૂપાલા
- રાજયમાં યોગ પ્રવૃત્તિને વ્યાપક બનાવવા માટે રાજય યોગ બોર્ડની સ્થાપના કરાઇ : પ્રવીણાબેન રંગાણી




રાજકોટ, તા.૨૧: આજે વિશ્વભરમાં વિશ્વ યોગ દિનની ઉજવણી થઇ રહી છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં શાળાઓ, કોલેજો તથા વિવિધ સંસ્થાઓ દ્વારા યોગના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. રાજકોટ જીલ્લાનો કાર્યક્રમ ઉપલેટા ખાતે યોજવામાં આવેલ હતો. રાજકોટમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી આજે ઉપલેટા ખાતે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. અહીંની મામલતદાર કચેરી પાસે તાલુકા શાળાના મેદાન ખાતે યોજાયેલા યોગ દિવસના કાર્યક્રમમાં આશરે બે હજારથી વધુ લોકો જોડાયા હતા અને યોગમય બન્યા હતા. રાજય યોગબોર્ડના પ્રશિક્ષિત શિક્ષકોએ યોગ બોર્ડના પ્રોટોકોલ પ્રમાણે સર્વને યોગ તથા પ્રાણાયામ કરાવ્યા હતા.

આ તકે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ભારતની ગૌરવશાળી પરંપરા યોગવિદ્યાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયો, તેના કારણે ભારતની આ સાંસ્કૃતિક ધરોહર વિશ્વ માનવજાત માટે ઉપયોગમાં આવવાનું શરુ થયું તે ગૌરવની વાત છે. આ પ્રાચીન વિદ્યાનો પ્રભાવ વિશ્વમાં મોટા પ્રમાણમાં પડી રહ્યો છે ત્યારે આપણે પણ તેની સાથે વધુ જોડાવાનો પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

જિલ્લા વહીવટીતંત્રએ જિલ્લા કક્ષાના યોગ કાર્યક્રમના તાલુકા સ્તરે કરેલા આયોજનને સાંસદશ્રીએ બિરદાવ્યું હતું.

આ તકે રાજકોટ જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રીમતિ પ્રવિણાબહેન રંગાણીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, યોગ એ આપણા ઋષિમુનિઓએ સમગ્ર વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે. તેને વિશ્વસ્તરે પહોચાડવા વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૧મી જૂનને યોગ દિવસ તરીકે ઉજવવા યુ.એન.માં પ્રસ્તાવ રજૂ કર્યો હતો, ત્યારથી દર વર્ષે ૨૧મી જૂન સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ધોરાજી ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલિયાએ સંબોધનમાં કહ્યું હતું કે, આધુનિક જીવનશૈલીના કારણે આજે લોકો શારીરિક, માનસિક, સામાજિક સહિતની ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, બાળકો યુવાનોમાં મોબાઈલ જેવા ગેજેટના ઉપયોગથી તનાવ વધ્યો છે, ત્યારે શરીર અને મનના સ્વાસ્થ્ય માટે યોગ એકમાત્ર ઉપાય છે. યોગ એ શરીર, મન અને આત્માને જોડવાની અનોખી પ્રાચીન પદ્ધતિ છે. હજ્જારો વર્ષ પહેલાં ઋષિ પતંજલિએ યોગસૂત્રમાં યોગના જ્ઞાનને રજૂ કર્યું છે. શરીર અને મનને સ્વસ્થ રાખવા માટે નિયમિત રીતે યોગ કરવા પર તેમણે ભાર મુક્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોગ દિવસની રાજયકક્ષાની ઉજવણી બનાસકાંઠાના નડાબેટ ખાતે થઈ રહી છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઉદબોધનનું અહીં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર પ્રભવ જોશી, જિલ્લા પોલીસવડા જયપાલસિંહ રાઠોર, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધી, ઉપલેટા પ્રાંત અધિકારી જે. એન. લીખિયા, ઉપલેટા મામલતદાર એમ.ટી.ધનવાણી, અગ્રણી અલ્પેશ ઢોલરિયા તથા રવિ માંકડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રૈયા ટેલીફોન એક્ષચેંજ પાસે રાહદારીઓનો ટ્રેક બંધ કરી દેવાતા લોકો હેરાન-પરેશાન

- ટ્રાફીક પોલીસની જોહુકમીઃ તંત્ર પગલા લેશે ખરૂ!




રાજકોટ તા. ૨૧: રાજકોટના રૈયા ટેલીફોન એક્ષચેંજ પાસે રાજકોટ ટ્રાફીક પોલીસે ચાર મોટા અવરોધક બોર્ડ ચાલવાના ટ્રેક પાસે ગોઠવી દેતા છેલ્લા સાત માસથી લોકોને ના છુટકે ભારે ટ્રાફીક વાળા ચોકમાંથી પરાણે પસાર થવું પડે છે. અહીં ભુતકાળમાં ત્રણ વ્યકિતઓના અકસ્માતમાં મૃત્યુ થયેલ છે.

આ સ્થળ પર ટ્રાફીક પોલીસના લોકો ભેગા થઈ આ વિશાળ આડસની જગ્યામાં મોજ મસ્તી કરતા હોવાની ફરીયાદ ઉઠી છે. તેમના વાહનો પણ આ સલામત જગ્યા કરી તેમાં રાખે છે. આ ફુટપાથ પર રાજકોટ ડેરીના કેબીન પર ખડકાયેલ છે.

ટ્રાફીક બ્રાંચ હેડ આ જગ્યાનું નિરીક્ષણ કરી સત્વરે આવા ટ્રાફીક બ્રીગેડ સામે પગલા લે તેવી જાહેર જનતાની માંગણી છે. આ જાહેર રોડ કયા કારણોથી દબાવી દીધા છે? તેવો પ્રશ્ન ઉઠવા પામેલ છે. રૈયા એકસચેંજ પાસે ભારે ટ્રાફીક થતો હોય અસંખ્ય લોકોને ચાલીને કે સાયકલ લઈ આ પથ પર ચાલવામાં તકલીફનો કાયમી ઉકેલ જરૂરી છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ડો. સુભાષ મહિલા આર્ટ્સ કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજમાં યોગ શિબિરનું આયોજન



જૂનાગઢ, તા. ૨૨: યોગ એ ભારતે આપેલ પ્રાચીન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. હવે આપણને તેની જરૂર સમજાણી છે. તેથી સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર બીજું કોઈ નહિ પણ આપણો ભારત દેશ છે.યોગ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું એવો થાય છે.યોગ એ શરીર અને આત્મના જોડાણનો પ્રતિક છે. યોગએ આધ્યાત્મિક શિસ્ત અને કસરત છે.આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન-પ્રતિદિન વધી રહી છે.

યોગએ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે જેને આપણે પુનર્જીવિત કરવાની જરૂર છે..આપણા વિવિધ યોગીઓ હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં યોગને ધ્યાનાવસ્થા સાથે જોડવામાં આવેલ છે.

ડો.સુભાષ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ ખાતે તા. ૨૧-૦૬-૨૦૨૪ ના રોજ વહેલી સવારે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.કોલેજના આચાર્યશ્રી ડો.બલરામ ચાવડાએ ઉપસ્થિત મહેમાનોને આવકારી,યથોચિત સન્માન કરી પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું કે યોગ માણસના જીવનમાં આ મહત્ત્વનો ભાગ ભજવે છે.આપણી માનસિક અને શારીરિક વ્યાધિનો ઉપાય યોગમાં જ છે.

ડો.ચેતનાબેન ચુડાસમા અને પ્રો.અમીબેન નાણાવટી દ્વારા આધુનિક સમયમાં યોગનું મહત્વ કેવું રહ્યું છે એના વિશે પ્રવચન આપી, ડેમોસ્ટ્રેશન બતાવી તમામ વિદ્યાર્થીની બહેનોને યોગના આસનોથી પરિચિત કરાવ્યા હતા યોગદિવસ યોજવા બદલ કોલેજના ટ્રસ્ટી શ્રી જવાહરભાઈ ચાવડા અને મિતાબેન ચાવડાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.આ યોગ શિબિરનું સુચારૂ સંચાલન ડો.નરેશ સોલંકીએ કર્યું હતું.

# વેરાવળમાં હલાઈ લોહાણા મહાજન દ્વારા રાહતદરે બોડી ચેકઅપ કેમ્પ

વેરાવળ, તા. ૨૧: સેવામાં સર્વોત્તમ સેવા એટલે સમાજસેવા સામાજિક, શૈક્ષણિક કે આરોગ્ય જેવી અનેક સેવાઓમાં અગ્રેસર રહેતા શ્રી હલાઈ લોહાણા મહાજન વેરાવળના પ્રમુખ વિક્રમભાઈ તન્નાના માર્ગદર્શન હેઠળ આયોજિત ન્યુટ્રેશન કેમ્પ તેમજ જાપાનીઝ મશીન દ્વારા રાહત દરે ફુલ બોડી ચેકઅપ નો કેમ્પ યોજાનાર છે કે જેમાં ડોક્ટર એન એમ ટી રામાણી તથા અનિલ ગણાત્રા જામનગર ન્યુટ્રેશન, આયુર્વેદિક પદ્ધતિ થી માર્ગદર્શન આપવામાં આવશે આ કેમ્પમાં આવનાર દરેક લોકોને ઓ પી ડી તેમજ કાઉન્સિલિંગ સંપૂર્ણપણે નિ-શુલ્ક રાખવામાં આવેલ છે અને જાપાનીઝ મશીન દ્વારા ફુલ બોડી ચેકઅપના રૂપિયા ૨૯૯૯ ના બદલે રાહત દરે ફક્ત રૂપિયા ૫૯૯ માં મશીન દ્વારા ચેકઅપ કરાવી માર્ગદર્શન આપવામાં આવનાર છે આયોજિત કેમ્પમાં ગીર સોમનાથ જિલ્લાના દરેક લોકોને લાભ લેવા અનુરોધ કરાયો છે. તારીખ ૨૨ શનિવાર સમય સવારે ૧૦:૦૦ થી બપોરે ૪:૦૦ સુધી સ્થળ શ્રી લોહાણા મહાજન વાડી, સટ્ટા બજાર વેરાવળ જિલ્લો ગીર સોમનાથ. વ્યવસ્થા હેતુ નામ લખાવા મૈત્રી જોશી ૮૮૪૯૧૯૩૭૫૯. આયોજક શ્રી હલાઈ લોહાણા મહાજન વેરાવળ પ્રમુખ વિક્રમ વિ તન્ના, ઉપપ્રમુખ મુકેશ આર રૂપારેલીયા તેમજ કારોબારી સભ્યોની યાદીમાં જણાવ્યું છે.

# આંતરાષ્ટ્રીય યોગા દિવસે સીફા ફીટનેશ સ્ટુડીયોમાં બહેનોને યોગા કર્યા




રાજકોટ, તા. ૨૨: કહેવાય છે કે યોગા માનવ જીવનની શકિતશાળી તાકાત છે જો તેના સ્વાસ્થ હશે તો જીવન સ્વચ્છ રહેશે. સીફા ફીટનેશ સ્ટુડીયો દિવાનપરા મેઈન રોડ, નોબલ આર્કેડ, ચોથા માળે કાર્યરત છે,

સીફા ફીટનેશ વાળા માસુમાબેન સદીકોટ જણાવે છે કે છેલ્લા ૧૫ વર્ષથી યોગા ટ્રેનર છુ અને હાલમાં ૪૫ થી ૫૦ મેમ્બર્સને યોગામાં રૂચી રાખી સંપુર્ણાથી ભાગ લઈ રહી છું. મારૂ લક્ષય એ છે કે તમને સ્વસ્થ અને સ્વસ્થ અને તંદુરસ્ત માટે પ્રેરીત કરૂ.

આજના આંતરાષ્ટ્રીય યોગા દિવસ નું શુભ અવસરનું ખુબજ આનંદ ભર્યુ કાર્યક્રમનું આયોજન કરેલુ હતુ. જેમાં ઓમકાર યોગા, પ્રણાયામ, શિવ ટ્રાંડવ પરફોમન્સ, સ્ટેન્ડીંગ યોગા કરેલા હતા અને તે પછી વ્યકિતગત સ્પીચ, સોલો પરફોર્મન્સ, ગ્રુપ પરફોર્મન્સ, ગ્રુપ ચેલેન્જ, શ્રેષ્ઠ પરફોમન્સ, સીનીયરસ્ટુડન્ટ, મેડલ, બેસ્ટ પરફોમન્સ એવોર્ડ વિતરણ થયેલું તેમ શેખ યુસુફઅલીભાઈ જોહર કાર્ડસવાળાએ જણાવ્યું હતું.

# ચાલો... એક કદમ પ્રાકૃતિક ખેતી તરફ !!

## પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન અને વિકાસ માટે બજેટમાં કુલ રૂ. ૧૬૮ કરોડની જોગવાઈ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને દેશી ગાયના નિભાવ ખર્ચ માટેની સહાય અન્વયે રૂ. ૧૯૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે

સુરેન્દ્રનગર, તા. ૨૨: રાજ્ય અને રાષ્ટ્રની સમૃદ્ધિમાં કૃષિક્ષેત્રની ભૂમિકા કરોડરજ્જુ સમાન રહી છે. રાજ્યના ખેડૂતોનું કૃષિ ઉત્પાદન બમણું કરવાના ઉદેશ્ય સાથે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. તેમની દીર્ઘદ્રષ્ટિ અને સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે આજે ગુજરાત કૃષિક્ષેત્રે સીમાચિહ્નરૂપ કામગીરી સાથે અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે. ખેતીમાં આજે વ્યાપક પ્રમાણમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરી રહ્યા છે. અન્ય રાસાયણિક ખેતીની સરખામણીએ વધુ ઉત્પાદનની સાથે વધુ ભાવ પણ મેળવી રહ્યાં છે.




**પ્રાકૃતિક ખેતી એટલે શું?**

પ્રાકૃતિક ખેતી એ એક એવી ખેતી પદ્ધતિ છે, જે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના ખેડૂતોને ટકાઉ રીતે પાક ઉગાડવા અને પશુપાલન કરવામાં મદદ કરે છે. આ પદ્ધતિમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ ટાળીને પ્રકૃતિના સંતુલનને જાળવીને પાક ઉગાડવામાં આવે છે. રસાયણોના બદલે કુદરતી સ્રોતોનો ઉપયોગ જમીનની ફળદ્રુપતા વધારવા અને પાકને રોગો અને જીવાતોથી બચાવવા માટે કરવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીને 'જીવંત ખેતી', 'સજીવ ખેતી', 'ટકાઉ ખેતી', 'ઝીરો બજેટ ખેતી' અથવા 'પર્યાવરણને અનુકૂળ ખેતી' નામથી પણ ઓળખવામાં આવે છે.

**પ્રાકૃતિક ખેતીના ફાયદા:** સ્વસ્થ ખોરાક: પ્રાકૃતિક ખેતીમાં ઉગાડવામાં આવેલા પાકો રાસાયણિક ખાતરો અને જંતુનાશકોથી મુક્ત હોય છે, આથી તે વધુ સ્વસ્થ અને પૌષ્ટિક હોય છે. પર્યાવરણ માટે સાનુકુળ: પ્રાકૃતિક ખેતી જમીન, પાણી અને હવાનું પ્રદૂષણ ઘટાડે છે અને જૈવવિવિધતાને પ્રોત્સાહન આપે છે.

**ખેડૂતો માટે ફાયદાકારક:-** પ્રાકૃતિક ખેતી ખેડૂતોને ખર્ચ ઘટાડવામાં અને નફો વધારવામાં મદદ કરે છે.

**પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી વચ્ચેનો તફાવત**

ખેડૂતોએ એવો ભય છોડી દેવો જોઈએ કે રાસાયણિક ખેતી પદ્ધતિ છોડી દઈશું તો કૃષિ ઉત્પાદન ઓછું થઈ જશે. કેટલાક ખેડૂતો પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતીને એક જ માને છે, પરંતુ પ્રાકૃતિક ખેતી જૈવિક ખેતીથી બિલકુલ ભિન્ન છે. જૈવિક ખેતી એટલે કે ઓર્ગેનિક ખેતી. એ માટે મોટા પ્રમાણમાં ગોબરની આવશ્યકતા છે. એક એકર જમીન માટે ૬૦ કિલો નાઈટ્રોજન જોઈએ, ૬૦ કિલો નાઈટ્રોજન માટે જૈવિક કૃષિ પ્રમાણે ૩૦૦ ક્વિન્ટલ ગોબરની જરૂર પડે અને એ માટે ખેડૂત પાસે ૨૦ થી ૩૦ પશુધન હોવા જોઈએ. જૈવિક કૃષિ પદ્ધતિમાં ૩૦ પશુથી એક એકરમાં ખેતી કરી શકાય જ્યારે પ્રાકૃતિક કૃષિમાં એક ગાયથી ૩૦ એકરમાં ખેતી કરી શકાય છે.





વિશ્વ યોગ દિવસ નિમિત્તે રાજકોટ જિલ્લા યુવા ભાજપ તથા ઓરો સ્કૂલ દ્વારા યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું આ શિબિરમાં ગોંડલ શહેર ભાજપ ઉપેન્દ્રસિંહ ચુડાસમા ગોંડલ નગરપાલિકા પ્રમુખ મનીષભાઈ ચનીયારા. રાજકોટ જિલ્લા યુવા ભાજપ મહામંત્રી વિમલભાઈ રાઠોડ. ગોંડલ યુવા ભાજપ પ્રમુખ જીગરભાઈ સાટોડીયા યુવા ભાજપ મહામંત્રી જેકીભાઈ પરમાર. લઘુમતી મોરચાના મહામંત્રી આબેદિનભાઈ હીરાની. ભાજપ પ્રમુખ કિશોરભાઈ ધડુક. એક આર્મીમેન પ્રકાશભાઈ ઠકરાર. લઘુમતી મોરચા પ્રમુખ સફિકભાઈ. યુવા ભાજપઉપપ્રમુખ મોહિતભાઈ પંભર. યુવા ભાજપ મંત્રી જીલભાઈ ગોહેલ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીઓ જોડાયા હતા હેતલ મેડમ દ્વારા યોગની તાલીમ દેવામાં માં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ઓરો સ્કૂલના ચેરમેન ઋષિભાઈ વિરડીયા. પ્રિન્સિપલ ચંદ્રેશ સર. નિકુંજ સર. સમગ્ર સ્કૂલ સ્ટાફ પરિવારે જેહમત ઉઠાવી હતી.

# સાવરકુંડલામાં પતંજલિ યોગ સમિતિ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા. ૨૨: ૨૧ જૂન, વિશ્વ યોગ દિવસની ઉજવણી સાવરકુંડલામાં પતંજલિ યોગ સમિતિના નેજા હેઠળ આર્ટ ઓફ લિવિંગ, ડોક્ટર હેડગેવાર સેવા સમિતિના સ્વયંસેવકો તેમજ બ્રહ્માકુમારી, સમર્પણ ધ્યાનના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં યોગ સાધકોએ ભાગ લીધો હતો અને યોગાસન અને પ્રાણાયામ દ્વારા પોતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયાસ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પતંજલિ યોગ સમિતિ તાલુકા પ્રભારી જયેશ કાણકીયા તેમજ મહિલા પ્રભારી હીના કાણાકીયા દ્વારા કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે, યોગના ગુરુઓ દ્વારા યોગના મહત્વ અને તેના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર થતા ફાયદાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી.

ભાજપ મહિલા મોરચા પ્રમુખ નયનાબેન કાપડિયા અને મહિલા મોરચા ઉપપ્રમુખ હીનાબેન કાણાકીયાએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને યોગ કરશુ અને કરાવશું ના સંકલ્પ સાથે લોકોને યોગ અપના ને અને તેમના જીવનમાં યોગનો સમાવેશ કરવાનો આહ્વાન કર્યો.

નોંધપાત્ર વાત એ છે કે, સાવરકુંડલામાં છેલ્લા ૧૫ વર્ષથી હિનાબેન અને જયેશ ભાઈ કાણકિયા નિશુલ્ક યોગ ક્લાસ સવાર-સાંજ ચલાવે છે.

આ સેવાનો લાભ લેવા માટે સાવરકુંડલાની જનતાને ખાસ વિનંતી કરવામાં આવી છે.

# મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ-વિંછીયા ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના રજીસ્ટ્રેશન કેમ્પનો શુભારંભ

## ■ વિંછીયા-જસદણ પંથકના ૩૭૦૦ કારીગરોને મળ્યો વિશ્વકર્મા યોજનાનો લાભઃ કારીગરોને રજીસ્ટ્રેશન કરવા અનુરોધ

વિંછીયા, તા. ૨૨: ગુજરાતના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સવારે ૧૦:૦૦ કલાકે માર્કેટિંગ યાર્ડ વિંછીયા તથા ૧૧:૦૦ કલાકે જૂના માર્કેટિંગ યાર્ડ, જસદણ ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના રજીસ્ટ્રેશન કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મંત્રીએ જસદણ-વિંછીયા વિસ્તારના લોકોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર બનવા માટે અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિશ્વકર્મા યોજના થકી નાનામાં નાના કારીગરને પણ પોતાના પરિવારને મદદરૂપ બનવા પોતાની કારીગરીને વધુ



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

વિકસિત કરી વધુ સારી આવક મેળવવા સમર્થ બનાવવામાં આવી રહ્યા છે.

વિંછીયા વિસ્તારમાં હાલ સુધીમાં ૨૫૦૦ જેટલા કારીગરોને આ યોજનાનો લાભ મળ્યો છે તો જસદણ વિસ્તારમાં હાલ સુધીમાં ૧૨૦૦ જેટલા કારીગરોની અરજીઓ મંજૂર થઈ ચૂકી છે તેમ છતાં હજુ પણ આ વિસ્તારના નાનામાં નાના કારીગરને આ યોજનાનો લાભ મળે તે માટે આ રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાથે જ મંત્રીશ્રીએ કન્યા કેળવણી પર ભાર મુકતા અપીલ કરી હતી કે, સરકાર દ્વારા દીકરીઓને વિવિધ યોજના હેઠળ નિઃશુલ્ક અભ્યાસ કરાવવા આવે છે ત્યારે દીકરીઓ પણ આગળ વધે અને સારૂ શિક્ષણ મેળવે તે માટે લોકો સહકાર આપે, ઉપરાંત આ વિસ્તારના નિરાધાર વૃદ્ધોને પણ મંત્રીશ્રીએ સહાયકારી યોજનાઓના લાભો અપાવવા માટે તત્પરતા દાખવી હતી. વિસ્તારના એક પણ નાગરિકને કોઈ પણ યોજનાના લાભ માટે તમામ પ્રક્રિયામાં સરકારી તંત્ર અને સ્વયં મંત્રીશ્રી સહાયભૂત બની રહ્યા છે ત્યારે લોકો પણ કોઈ પણ જરૂરિયાતમંદ વ્યક્તિને જાણે તો તેને પણ યોજનાઓ વિશે માહિતી આપી ''આંગળી ચીંધ્યાનો પુણ્ય કરે'' તેવી મંત્રીશ્રીએ અપીલ કરી હતી.

દરમિયાન જસદણ જીઆઈડીસી એસોસિએશન અને યુવા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઈ રાઠોડ એ એક વાતચીતમાં જણાવ્યું હતું કે પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ વિવિધ ૧૮ કળાના કારીગરોના કૌશલ્યનો વિકાસ કરવામાં આવશે. આ યોજના દ્વારા વિશ્વકર્મા ભાઈ- બહેનોને તબક્કાવાર રૂ ૩,૦૦,૦૦૦/- સુધીની ગેરંટી વગરની લોન, રૂ ૧૫,૦૦૦/- સુધીની ટુલકીટ સહાય, સ્કીલ અપગ્રેડેશન માટે ઉચ્ચકક્ષાની તાલીમ તથા કારીગરો દ્વારા ઉત્પાદન કરેલ વસ્તુ પર ક્વોલિટિ સર્ટીફિકેટનો લાભ મળશે. કારીગરોને તાલીમ દરમ્યાન પ્રતિ દિન રૂ ૫૦૦/-નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

# ધોરાજીમાં ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



ધોરાજી, તા. ૨૨: ધોરાજી આદર્શ એજ્યુકેશન સોસાયટી ખાતે તાલુકા લીગલ સર્વિસ ઓથોરિટીના માર્ગદર્શનથી ૧૧ મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવેલો. વિદ્યાર્થીઓને આસન અને યોગ કરાવવામાં આવેલા સાથે સાથે ધોરાજી કોર્ટનો સ્ટાફ પણ જોડાયેલો હતો. પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ શ્રી એસ ડબ્લ્યુ વાઘ સાહેબે પ્રાસંગિક ઉદબોધન આપેલું હતું અને જણાવેલું હતું કે આપણી બે ટાઇપની હેલ્થ હોય છે એક ફિઝિકલ અને બીજી મેન્ટલ યોગ કરવાથી બંને હેલ્થ સારી થાય છે. આ પ્રસંગે એડિશનલ સિવિલ જજ પ્રિયંકાબેન ગામીત મેડમ એ પણ શુભેચ્છાઓ પાઠવી હતી. આદર્શ એજ્યુકેશન સોસાયટી માં દર મહિનાની ૨૧મી તારીખે બાળકોને યોગ કરવા માટે પ્રેરણા આપવામાં આવે છે.

# ધોરાજીના પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમનો બાળપ્રેમ

ધોરાજી, તા. ૨૨: આજ વિશ્વ યોગ દિવસનાં દિવસે ધોરાજી નાં પોલીસ ઈન્સ્પેક્ટર રવી ગોધમ ધોરાજીના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવેલી સરકારી શાળા નંબર ૨માં પહોંચ્યા હતા. અને નાના ભૂલકાઓ સાથે ઉતમ સમય પસાર કર્યો હતો નાના બાલવાટિકામાં અભ્યાસ કરતા બાળકો સાથે પીઆઈ રીતસરનાં તલ્લીન થઈ ગયા હતા અને સામે પણ ગણવેશમાં આવેલા ઈન્સ્પેક્ટરને જોઈ ને બાળકો પહેલા તો અચંબિત થઈ ગયા હતા પરંતુ બાળકો ની સાથે જ જમીન બેસેલા ઈન્સ્પેક્ટર ને જોઈ ને બાળકો ને ખુબ મજા પડી ગઈ હતી અને બાળકો પણ મુક્ત મને પી આઈ ને આમ પોતાની સાથેજ બેસી




પોતાના જેવા જ થઈ ને હસતા મજાક કરતા જોઈ ને બાળકોને તો જાણે જામો પડી ગયો.

બાળકો માટે ખૂબ જ આહલાદક અનુભવ રહ્યો અને મોટા બાળકોનાં ક્લાસ લેતા ઈન્સ્પેક્ટર રવી ગોધમે બાળકોને સ્વચ્છતા અને યોગ નું મહત્વ સમજાવ્યું હતું.

આ તકે પોલીસ પ્રજાનો મિત્ર છે સહાયક છે ને રક્ષક છે. અને આવતાં દિવસોમા પોલીસની કામગીરી ઘટે એવા ઉતમ સમાજનું નિર્માણ થાય તે હેતુથી બાળકોને ભણાવ્યા પણ હતા અને શાળાના દરેક બાળકને સ્વચ્છતા કીટ આપીને જીવનમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું. આ તકે શાળા પરિવાર તરફથી પ્રિન્સિપાલ નિલેશ મકવાણાએ ધોરાજી પોલીસ ઈન્સ્પેક્ટર અને સબ ઈન્સ્પેક્ટર અને સમગ્ર પોલીસ પરિવારનો આભાર માન્યો હતો.

# મહારાજ ફિલ્મના વિરોધમાં વડોદરામાં VYO અને VIPOની જંગી રેલી


વડોદરા, તા. ૨૨: પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી અને પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી બંને વૈષ્ણવાચાર્ય એ પોતાના અનુયાયી દ્વારા વિરોધ નોંધાવ્યો.

વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજ શ્રી દ્વારા સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન તેમજ વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી મહારાજ શ્રી ની ટ્રંઈધ્ધ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વૈષ્ણવોના રક્ષણ માટે વૈષ્ણવ ધર્મ રક્ષા સમિતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું.



આ સમિતિ દ્વારા વડોદરા શહેરમાં હિન્દુ ધર્મના દુષ્ટ પ્રચાર કરતી મહારાજ ફિલ્મ ના પાછળ વિરોધ માટે એક વૈષ્ણવ રેલી કરવામાં આવી હતી. આ રેલીમાં અસંખ્ય કાર્યકર્તાઓ જોડાયા હતા. સમિતિના આગેવાનો દ્વારા કલેક્ટર શ્રી ને આવેદનપત્ર આપ્યું હતું અને વડોદરા પોલીસ કમિશનરશ્રી ઓફિસમાં VYO અને VIPO દ્વારા આવતીકાલે અરજી આપવામાં આવશે. આ રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો પણ જોડાયા હતા. પુષ્ટિમાર્ગ વૈષ્ણવ સંપ્રદાયમાં વૈશ્વિક રીતે સંપ્રદાયનો બહોળો પ્રચાર કરવા પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી અને પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી આગવી રીતે કાર્યરત છે ત્યારે બંને આચાર્યોની આ યુતિ એ વૈષ્ણવ સમાજમાં જબરદસ્ત એકતાનું દર્શન કરાવ્યું હતું. વૈષ્ણવ સમાજ માટે બંને આચાર્યો ભેગા થઈને આ હિન્દુ ધર્મ તેમજ વૈષ્ણવ સંપ્રદાય અને ખાસ કરીને ભગવાન શ્રીકૃષ્ણ ઉપર અભદ્ર ટિપ્પણીને જોતા એવા પર ગંભીર આક્ષેપો કરતી મહારાજ ફિલ્મ નો વિરોધ ખૂબ જ મોટા પાયે થઈ ગયો છે.

# સાંસદ પૂનમબેન માડમ દ્વારા કાલાવડમાં યોજાયો આભાર દર્શન કાર્યક્રમ



જામનગર, તા. ૨૨: જામનગર લોકસભા બેઠક પર સતત ત્રીજી વખત ભવ્ય વિજય અપાવવા બદલ સાંસદ માનનીયશ્રી પૂનમબેન માડમનો કાર્યકર્તાઓનો આભાર દર્શન કાર્યક્રમ કાલાવડ યોજાયો. લોકસભાની ચૂંટણીમાં ભાજપના કાર્યકરોએ તનતોડ મહેનત કરી ભાજપ તરફી મતદાન કરાવવા યથાગ પ્રયત્નો કરેલા.જે અનુસંધાને આજે કાલાવડમાં આભાર દર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના હોદ્દેદારો, તાલુકાના હોદ્દેદારો, બુથ પ્રમુખો અને ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર લોકસભા બેઠકમાં સાંસદ પૂનમબેન માડમનો ભવ્ય વિજય થતા ૭૬ કાલાવડ વિધાનસભાના કાર્યકર્તાઓનો આભાર દર્શન સમારોહ કાલાવડ ગણેશ મંદિર ખાતે યોજાયો હતો. જેમાં જામનગરના સાંસદ તરીકે સતત ત્રીજી વખત ઐતિહાસિક લીડથી ચૂંટાયેલા સાંસદ પૂનમબેન માડમે ચૂંટણીમાં કામ કરી વિજય અપાવનાર કાર્યકર્તાઓનો ઋણ સ્વીકાર કર્યો હતો. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરા,પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી આર.સી.ફળદુ સાહેબ, ધારાસભ્યશ્રી મેઘજીભાઈ ચાવડા, જિલ્લાના પ્રભારી ભાનુભાઈ મેતા, જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, અભિષેકભાઈ પટવા, પ્રવિણસિંહ જાડેજા વગેરે આગેવાનો અને કાર્યકર્તાઓ તેમજ શુભેચ્છકો અને સમગ્ર કાલાવડ તાલુકાના જુદા જુદા ગામેથી અનેક કાર્યકર્તાઓ પધાર્યા હતા.


# ગીર સોમનાથ જિલ્લા મહિલા મોરચા દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ




ગીર સોમનાથ, તા. ૨૨: આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજી ના પ્રયાસ થી ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં થવા જઈ રહી છે ત્યારે પ્રદેશ મહિલા મોરચા અધ્યક્ષ ડો. દીપિકાબેન સરડવા તથા ગીર સોમનાથ જિલ્લા અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ પિઠીયાની આગેવાની તથા માર્ગદર્શનથી ગીર સોમનાથ જિલ્લા મહિલા મોરચા અધ્યક્ષ ડોક્ટર નિશાબેન ગોહિલ દ્વારા એક દિવસ પહેલા બહેનો માટે યોગ કાર્યક્રમ વેરાવળ ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માં કરવામાં આવ્યો કાર્યક્રમના ઇન્ચાર્જ ભારતીબેન ચંદ્રાણી રહ્યા હતા તથા મહામંત્રી હેમીબેન જેઠવા ઉપાધ્યક્ષ નયનાબેન ચાંડપા, પૂજાબેન સોલંકી, નીપાબેન પુરોહિત, ધારાબેન જોષી તથા બહેનો દ્વારા કાર્યક્રમની સફળ બનાવ્યો હતો. આ વર્ષે યોગ થીમ છે 'સ્વ અને સમાજ માટે યોગ' યોગ ભારતની પ્રાચીન પરંપરા છે. જેનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી પર ખૂબ જ પ્રભાવશાળી અસર છે. મહિલાઓની એકંદર સુખાકારીમાં યોગની મહત્વની ભૂમિકા છે.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826

**અને જોડાઇ જાવ અમારી સાથે...**